Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૧૩ · તા. ૨૨ થી ૨૮ માર્ચ ૨૦૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## મોડપરના ૪૦૦ વર્ષ પ્રાચિન સુપાર્શ્વનાથ જિનાલયના અંજન પ્રતિષ્ઠાના ચડાવાઓની તસ્વીરી ઝલક

સ્થળ: શેઠશ્રી નરશીનાથા સભાગૃહ, ભાંડુપ તા.૧૬-૩-૨૦૧૪



**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 13/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# સમાજે દરેક અસામાન્ય મૃત્યુનો હિસાબ રાખવો જ જોઈએ

છેલ્લા ત્રણેક મહિનાથી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિજનો મૃત્યુ પોતાના સમુદાયથી વધુ કોઠોરતાથી વર્તી રહ્યું હોય તેવું અનુભવી રહ્યા છે. કારણ સ્પષ્ટ છે, પાકટવયે થતા સામાન્ય મૃત્યુની સંખ્યામાં તો વધારો થયો જ છે, નાની વયમાં અને નિવૃત્તિ લીધાના થોડા સમયમાં જ થતા મૃત્યુના કિસ્સાઓ પણ વધેલા જણાય છે. તેમાં છેલ્લે રેલ અકસ્માત પછી જીવિત રહેલા પણ સમયસર સારવાર ન મળવાથી મૃત્યુ પામેલા યુવાનના કિસ્સાથી તો સૌને આઘાત પહોંચ્યો છે.

જૈનો સહજપણે જીવન હોય ત્યાં સુધી ધર્મમય જીવન જીવવા તથા જીવેષણા ન રાખવામાં માનતા હોવાથી મૃત્યુના કારણો બદલ ગંભીરતાથી ન વિચારે એ સમજી શકાય તેમ છે. પણ સમુદાય તરીકે જ્યારે સામુહિક રીતે આવા અનુભવ થઈ રહ્યા હોય ત્યારે એ બાબત ગંભીરતાથી વિચારવું જરૂરી છે.

જેમ જેમ વિશ્વ સંકોચાઈને એક ગામડા જેવું બની ગયું છે તેને કારણે ભારતીય જીવનની ગતિ પણ બહુ તેજ થઈ ગઈ છે. ટેન્શન લીધા વિના કારકિર્દી બનાવવી અશક્ય બની ગઈ છે. એવી સ્થિતિમાં જ્ઞાતિજનોનું ટેન્શન ઓછું કરવાના સામુહિક પ્રયત્નો કરવા રહ્યા. આ પ્રયત્નો યોગ - આર્યુવેદની સમજાણથી માંડીને સ્વચ્છ માનેરંજનની વધુ તક જેવા હોઈ શકે.

જેમ જેમ બધાનું અને ખાસ કરીને ગૃહિણીઓનું જીવન બેઠાડુ થઈ ગયું છે, તેમ તેમ જીવન શૈલી સાથે સંબંધિત ગણાતા ડાયબીટીઝ જેવા રોગોનું પ્રમાણ સ્વાભાવિક રીતે વધ્યું છે.

લાંબા સમય સુધી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ પેઢીભેદ બહુ ઉગ્ર ન હોય તેવી સાનુકુળ સ્થિતિ ભોગવતી રહી પણ છેલ્લા બે દાયકાથી તે ઉગ્ર થઈ રહ્યો હોવાથી પણ વડીલ પેઢી માટે બ્લડ પ્રેશર વધી જવાનું એક વધુ નિમિત્ત ઊભું થયું છે.

કેટલાક પરિવારોમાં એવું પણ જોવા મળે છે કે યુવાપેઢી સાથે સંવાદ ન સાધી શકતા વડીલો ધાર્મિકતાના દેખાવ હેઠળ એકંદર જીવન પ્રત્યેક ઉદાસીન અને પોતાના શરીર પ્રત્યે બેદરકાર બનતા જણાય છે.

ઉપરની બધી બાબતોને સમગ્ર રીતે જોતાં એવું લાગે છે કે વાત પ્રવૃત્તિની હોય કે ફરજીયાત - મરજીયાત નિવૃત્તિની સમજદારીપુર્વક આયોજનથી જીવનનો લય એટલે કે જીવંતતા જાળવવા પ્રયત્નો થવા જ જોઈએ.

૨૦ માર્ચ ૨૦૧૪ ના મુંબઈમા બનેલ એક કમનસીબ અકસ્માતમાં આપણો એક યુવાન જીવલેણ રીતે ઘાયેલ થયો અને તેના મિત્રો મદદ

*માટે પોકારતા રહ્યા અને લોકો રેલ અકસ્માતને ફોટો પાડવા લાયક ઘટના માની ફોટા પાડતા રહ્યા. તે વિશે તો એટલુંજ કહી શકાય કે આવી સ્થિતીમાં સપડાયેલા જ્ઞાતિજનોને શક્ય તેટલી મદદ પહોંચાડવા જુદા, જુદા, વિસ્તરના વગદાર જ્ઞાતિજનોનું નેટવર્કીંગ થાય અને તેની સૌ જ્ઞાતિજનોને જાણ હોય તો આવા અસાધારણ કિસ્સાઓમાંથી પણ ઘણામાં જીવ બચાવી શકાય. મૃત્યુ આમ તો વ્યક્તિગત, કૌટુંબિક, સામજિક ઘટના છે મૃત્યુને ભલે રોકી શકાય નહીં પણ તેની વ્યક્તિગત - કુટુંબ - સમાજ પડતી નકારાત્મક અસર જરૂર ઘટાડી શકાય. આ બાબતને સક્રિય વિચારણા આપવાનો સમય પાકી ગયો છે.* **- ચંદ્રસેન મોમાયા**

---

## હોમિયોપેથીક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને જી.વી.સી. સંઘના સથવારે તારીખ ૨૮.૩.૨૦૧૪ના સવારે ૧૧.૦૦થી બપોરના ૩.૦૦ દરમ્યાન અનંત છાયા, ૬૦ ફીટ રોડ, ઘાટકોપર ઈસ્ટમાં **હાડકાંની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ** યોજાયેલ છે. ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્કઃ શ્રી અજયભાઈ લોડાયા, મો. 9892372777 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન રૂ. ૫૦ ત્યાં આવીને ભરવાના રહેશે.

**કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગોનું હોમિયોપેથિક મેડીકલ કેમ્પ** શનીવાર તા. ૨૯.૩.૧૪ ના સવારના ૧૧.૦૦ થી બપોર ના ૪.૦૦ વાગે તથા રવિવાર તા. ૩૦.૩.૧૪ના સવારના ૯.૦૦થી બપોરના ૨.૦૦ વાગે સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર - ચેમ્બુર ખાતે યોજાયેલ છે. ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ શાહ મો. 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

---

## શ્રી ક.દ.ઓ. જૈન સંર્વોદય મંડળ મહાકાળી ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સંર્વોદય મંડળ મુલુંડ  દ્વારા આયેજીત શ્રી મહાકાળી માતાજીની આગામી ભાવના રવિવાર તા. ૬.૪.૧૪ના રાતે ૯.૦૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ શ્રી મીતેશ જવેરચંદ હરશી લોડાયા -રાપર ગઢવારી પરિવારે લીધેલ છે. રીધ્ધી સિધ્ધી મંડળ પધારશે. મે માસની ભાવનાની તા. ૪.૫.૧૪ છે. જેનો લાભ માતુશ્રી પ્રભાબેન જવેરચંદ ખીમજી મોમાયા પરિવાર - ડુમરાવાળાએ લીધો છે.


## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુજ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે લખવા

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

# ટીટવાલા - આમ્બીવલી વચ્ચે ખડી પડેલ ટ્રેનમાંથી ફંગોળાયેલા જ્ઞાતિના આશાસ્પદ યુવાન ધવલ મયુર લોડાયા (મોટી ખાવડી)નું સારવાર ન મળવાથી થયેલ દેહાંતે સમસ્ત જ્ઞાતિને ઘેરા શોકમાં ડુબાડી દીધી.




સૌ પરિચિતો અને જાણ થાય તે સૌ કોઈને અંતરતલ સુધી હચમચાવી જતી તથા વર્ષો સુધી યાદ રહેતી ઘટનાઓમાંથી એક તાજેતરમાં મુંબઈ પાસે ટીટવાલા અને આમ્બીવલી વચ્ચે લોકલ ટ્રેન ખડી પડવાથી થયેલ જીવલેણ અકસ્માત રૂપે બની. આ ગોજારા અકસ્માતમાં જ્ઞાતિએ તેનો એક આશાસ્પદ યુવાન ગુમાવ્યો. હાલારના મોટી ખાવડીના હાલ પંતનગર - ઘાટકોપરમાં રહેતા મયુર લોડાયાનો ૧૮ વર્ષના સુપુત્ર ધવલ ૧૨મી એચ.એસ.સીની પરિક્ષા થઈ હોવાથી શાહપુર દર્શન કરી પાછા ફરી રહ્યો હતો ત્યારે આ કુરુણાંતિકા બની હતી.

ધવલની સાથે તેના વર્ષોના અને હાલે સૌમેયા કોલોજમાં ભણતા મિત્રો હતા. તેમણે જીવલેણ રીતે ઘાયલ ધવલને સમયસર સારવાર મળે તે માટે સઘળા પ્રયત્નો કર્યા પણ પોલીસ - સ્થાનિક નગરસેવક અને સ્થાનિક લોકો માનવતાના એ પોકારનો યોગ્ય પ્રતિભાવ આપવામાં નિષ્ફળ જતા ધવલને તેની કિંમત પોતાના પ્રાણથી ચુકાવવી પડી.

માત્ર મુંબઈના જ નહીં રાષ્ટ્રીય મીડીયામાં માણસાઈના આ અભાવની નોંધ લેવાઈ છે અને આવા બનાવો ન બને તે માટે વિચારણા થઈ રહી છે.

એક વિચિત્ર યોગાનુયોગ એ પણ છે ધવલના સેવાભાવી પિતા મયુર જેઓ ઘાટકોપરના જૈન જાગૃતિ સેન્ટરની શાખા જેમ જગડુસાના વાઈસ પ્રેસિડેન્ટ છે અને એ દિવસે તેઓ આત્મહત્યા કરનારને બચાવવા રાજાવાડી હોસ્પીટલમાં ખડે પડે સેવા આપી હતી.



જેમ જેમ જ્ઞાતિજનોને ધવલને થયેલા જીવલેણ અકસ્માતની ખબર પડી તેમ તેમ એકબીજાને ખબર આપવા સાથે સદગતના આત્માની શાંતિ તથા તેના કુટુંબની સાંત્વના માટેનો અંતનાદ બુલંદ થયો.

સદગતની અંતિમયાત્રા અને પ્રાર્થનામાં પણ સહૃદયી જ્ઞાતિજનોએ ભાવાંજલિ અર્પણ કરી.

શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છા સહ...
શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)
UK KHMJI & CO.
144, Vasant Market yard, 4th Lane, Sangli
MH - 416 416 Tel.: 2670910 / 2322057



ABDASA (KACHCHH) GAUSHALA TRUST
(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.
**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

• ભરપુર શાઈટ શીન • AC વાહન • AC તારાંકિત હોટલો

• વેજ - જૈન ખાનપાન • કોન્ટીનેન્ટલ • બ્રેક ફાસ્ટ • અંગત દેખરેખ

કચ્છી - ગુજરાતી - રાજસ્થાની સંગાથ - નાનું ગ્રુપ

# ફાર ઈસ્ટ

સીંગાપોર • થાઈલેન્ડ • મલેશીઆ

ત્રણે દેશોના જૈન દેરાસરના દર્શન સહ..

• ૨ AC રાત્રી ટ્રેન મુસાફરી, જેથી દિવસના સમયનો બચાવ

આયટીનરી મુજબ મુંબઈ થી મુંબઈ બધું સામેલ, છુપા ખર્ચ વગર

રૂ. **39.999/- + $ 999/-** માત્ર. પ્રતિ વ્યક્તિ • *FIXED DEPARTURE* ૧૭/૫, ૨૨/૫

| સીંગાપોર - મલેશીયા | થાઈલંડ |
| --- | --- |
| 6 N 7 D : 29999/- + $ 799/- | 5 N 6 D : 19999/- + $ 349/- |
| *FIXED DEPARTURE* 25/4, 27/5 | *FIXED DEPARTURE* 22/5 |

## અમેઝીંગ

દેરાસરના દર્શન સાથે

# દુબઈ - આબુધાબી

આયટીનરી મુજબ મુંબઈ થી મુંબઈ બધુંજ સામેલ. છૂપા ખર્ચ વગર

રૂ. **24.444/- + $ 499/-** માત્ર. પ્રતિ વ્યક્તિ • નિયમિત પ્રસ્થાનો

અમારૂં નમ્ર નિવેદન

ભાવ, શાઈટશીઈંગ અને સગવડતાઓ...

કોઈની પણ સાથે સરખાવો, ચોક્કસ ૪ જગ્યાએ પૂછો...

પછી જ અમને કરો ફોન **FIXED PRICE**

।। શ્રી ભોમીયાદાદાય નમઃ ।।

**6.7.8.9.10.12.** દિવસ અને તેથી વધુ સમયના....

ઊવ્વસગરં - કલકત્તા, ચંપાપુરી

વારાણસી ૧૬ કલ્યાણકભૂમિ સાથે / સિવાય

શિખરજી ના ઈકોનોમી • ડીલક્સ

ટ્રેન અને વિમાન દ્વારા નિયમીત પ્રસ્થાનો અને

કસ્ટમાઈડ ટુરો પણ ઉપલબ્ધ..

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા ®

**તન મન**

ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6

tanmantravels@yahoo.co.in

www.tanmantour&travel.com

હમણાંજ આપણી જ્ઞાતિનો આશાસ્પદ યુવાન રેલ અકસ્માતમાં જખમી થઈને સમયસર સારવાર ન મળવાથી દેહાંત પામ્યો. આપણે સૌ એ આ બાબત અવાજ ઉઠાવી આવું કંઈ ફરી ન બને તે માટે સક્રિય થવું જોઈએ.

- તન-મન પરિવાર

શિખરજીની એકમાત્ર અને સર્વ પ્રથમ આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત વાતાનુકુલીત હોટલ

SHIKHARJI™ Continental

MADHUBAN - JHARKHAND

06558-232429

જયશ્રી ભલારા દાદાય નમઃ

# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ – લાલપુર

દ્વારા આયોજીત

રદમી સમુહ પહેડી, કાલિદાસ ઓપન ગ્રાઉન્ડ, મુંલુંડ, મુંબઈ મધ્યે
ચૈત્ર સુદ ૧ને ગુડીપાડવાના શુભ દિવસે, તા. ૩૧-૦૩-૨૦૧૪ સોમવારના સાંજે ૪:૦૦ કલાકે.

## ભલારા દાદાની સ્થાપના સાંજે ૪:૦૦ કલાકે

## ભક્તિ સંગીત સાંજે ૪:૩૦ કલાકે

જૈની આર્ટસ, કચ્છ શક્તિ - શ્રી ઉત્તમ છેડા ત્થા સાથી કલાકારો અને શ્રી હંસકુમાર મૈશેરી ભક્તિરસની રમઝટ જમાવશે.

## સમુહ દીવડા આરતી રાત્રે ૮:૩૦ કલાકે

## સાથે સાથે અન્ય કાર્યક્રમની ઝલકઃ

**Presentation ત્થા Hordings** : લાલપુરમાં બિરાજતા દાદાશ્રીનો મંદિર, શ્રી ગણેશજી, શ્રી સચ્ચાઈમા ત્થા શ્રી નવગ્રહ અને નવા બંધાતા અધતન સંકુલના નિર્માણની અત્યારસુધીના કાર્યની માહિતી.

**પરિચય** : ટ્રસ્ટીગણ ત્થા વ્યવસ્થાપક સમિતીનો પરિચય.

**અહેવાલ** : ટ્રસ્ટ દ્વારા સર્વે કરેલ જરૂરિઆતમંદ જ્ઞાતિજનોની અપેક્ષાઓની માહિતી.

**સન્માન** : તા. ૩૦-૦૩-૨૦૧૪ રવિવારના કેડીઓ મુંબઈ મહાજન દ્વારા આયોજીત કેડીઓ પ્રીમીયર લીગની ભલારા દાદા કપ ૨૦૧૪ના આયોજક, વિજેતા ટીમના માલિક ત્થા વિજેતા ટીમના ખેલાડીઓનો સન્માન કરવામાં આવશે.

આ વર્ષની સમુહ પહેડીનો લાભ લેનાર ૧૨ દાતાશ્રીઓની નામાવલીઃ

માતુશ્રી ઝવેરબેન પદમશી લોડાયા (સાંયરા - માટુંગા)
માતુશ્રી નિર્મલાબેન શશીકાંત મૈશેરી (માંડવી - ડોંબીવલી)
માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી (કોઠારા - ઘાટકોપર)
શ્રી લક્ષ્મીચંદભાઈ ધારશી મોતા (લાખણીયા - વડાલા)
શ્રી જયંતભાઈ ભવાનજી સોની (સુથરી - જુહુ)
શ્રી શામજીભાઈ નરશી દંડ (સાંધવ - મુલુંડ)
માતુશ્રી રતનબેન ભવાનજી લોડાયા (મોટી સીંધોડી - ડોંબીવલી)
માતુશ્રી ચંપાબેન ધનજી મૈશેરી (સાંધાણ - ડોંબીવલી)
માતુશ્રી વિજયાબેન ટોકરશી નાગડા (લાલા - ઘાટકોપર)
શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીઆ (રવા - ચેંબુર)
શ્રી નરશીભાઈ જેઠાભાઈ દંડ (વરાડીયા - મલકાપુર)
ત્થા એક સદગ્રહસ્થ

પહેડી પ્રસાદ અને આરતી દર્શનનો લાભ લેવા સર્વ ભાવિકોને ભાવભર્યુ આમંત્રણ છે.

## લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવ

દાદાના મુળ સ્થાનકે શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ તેરશ, ચૌદશ ત્થા પુનમ તા. ૧૩, ૧૪ ત્થા ૧૫ એપ્રિલ ૨૦૧૪ના ત્રિહાનિકા મહોત્સવનો આયોજન કરેલ છે. આ મહોત્સવ પ્રસંગે સર્વે ભાવિકોને લાલપુર પધારવા આમંત્રણ છે. વિગતવાર માહિતી પછીથી આપવામાં આવશે.

લાલપુર સ્થાનકે વ્યવસ્થા સંભાળનાર શ્રી વિરભદ્રાભાઈ ફોન નં.: ૦૨૮૯૫-૨૭૩૩૪૮ મો.: ૦૯૯૯૮૧૨૩૧૪૭

**શ્રી ભલારાદાદા ટ્રસ્ટ – લાલપુર** વતી સર્વે ટ્રસ્ટીગણ

# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર

ટ્રસ્ટ રજી નં: ૧૦૩૯ ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ હેઠળ લાલપુર, જી. જામનગર - ૩૬૧ ૧૭૦. ફોન: ૦૨૮૯૫ - ૨૭૩૩૪૮.

વ્યવસ્થાપક સમિતીનું સરનામું:
ગુર્જરમાત, એ-૧૮, મોનાની સદન, ભારત બેંકની સામે, જે. એન. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોન: ૦૨૨ - ૨૫૬૮ ૮૨૯૭

શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા જયાં ભલારાનું મૂળ સ્થાનક આવ્યું છે એવા જામનગર જીલ્લાના લાલપુર સ્થાનકે નવા અદ્યતન કોમ્પલેક્ષના નિર્માણનું કાર્ય હાથ ધરાયું છે. જે કાર્ય હાલ તબક્કે લગભગ ૬૦% જેટલું પુર્ણ થઈ ગયેલ છે.

સહુ ભલારા ભકતોને ગૌરવ થાય તેમજ લાલપુર પંથકમાં ભલારા અને ભલારા ભકતો પ્રત્યે આદરભાવ વધે તેવા આ પ્રોજેક્ટ માટે મોટા ભંડોળની આવશ્યકતા છે. પ્રોજેક્ટની લાંબા અને ટુંકા ગાળાની જરૂરીયાતોને ધ્યાનમાં લઈ આ ભંડોળ મેળવવા માટે ભલારા ભકતો સમક્ષ ત્રણ આકર્ષક યોજનાઓ રજુ કરવામાં આવે છે.

**લાલપુર સ્થાનકે થઈ રહેલ નવા અદ્યતન કોમ્પલેક્ષના નિર્માણ કાર્યમાં સહભાગી થાવ...**
**અને નામકરણ ડ્રો કુપનનાં હકકદાર થાવ...**

**લાલપુર સ્થાનકે થઈ રહેલ નવા અદ્યતન કોમ્પલેક્ષની વિશિષ્ટાઓ:**

- ૮ (આઠ) ૧ BHK ત્થા ૮ (આઠ) ૨ BHK Self Contained Flats વિશાળ લોબી અને બેલ્કની સાથે,
- ૨૫૦૦ ચો. ફુટના Modern Amenities સાથેના દરેક એવા ૨ (બે) વિવિધલક્ષી હોલ ત્થા
- રમત ગમતનાં સાધનો, બેસવાની બેન્ચો અને આકર્ષક લાઈટીંગ સાથેનું વિશાળ નયનરમ્ય ગાર્ડન ત્થા પાર્કિંગની જગ્યા.

**ઉપરોક્ત યોજનામાં ટોટલ ૩૧ લકી ડ્રો કાઢવામાં આવશે.**
**પ્રથમ લકિ ડ્રો ૧ : કોમ્પલેક્ષના મુખ્ય ગેટ ઉપર કાયમી ધોરણે નામની તકતી.**
**અન્ય લકિ ડ્રો ૩૦ : કોમ્પલેક્ષમાં યોગ્ય સ્થળે કાયમી ધોરણે ગ્રેનાઈટમાં નામની તકતી.**

**યોજના નં. ૧ 'તબક્કાવાર માસિક યોજના'**

તબક્કાવાર યોજનામાં ભલારા ભાવિકોને રૂા.૧,૦૦૦/-ના ૩૦ હપ્તાથી કુલે રૂા.૩૦,૦૦૦/-નો ફાળો આપવાનો રહેશે.

**યોજના નં. ૨ 'તબક્કાવાર અર્ધ-વાર્ષિક યોજના'**

તબક્કાવાર યોજનામાં ભલારા ભાવિકોને રૂા.૬,૦૦૦/-ના ૫ (પાંચ) હપ્તાથી કુલે રૂા.૩૦,૦૦૦/-નો ફાળો આપવાનો રહેશે.

**યોજના નં. ૩ 'સહયોગી યોજના'**

સહયોગી યોજનામાં ભાવિકો, મહાજનો, સંઘ ત્થા સંસ્થાઓ રૂા.૧,૨૫,૦૦૦/-ની રકમ ૩૬ મહિના માટે વગર વ્યાજે આપવાની રહેશે. જેના બદલામાં એક લકી ડ્રો કુપનનો હકક મળશે. ભાવિકો, મહાજનો, સંઘ ત્થા સંસ્થાઓ દ્વારા આપેલ સહયોગી ફાળાની ચુકવણી રૂપે શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા Post Dated Cheque પહેલાથીજ આપી દેવામાં આવશે.

**આશા રાખિએ છીએ કે ઉપરોક્ત યોજનાઓમાં વધુ માં વધુ સંખ્યામાં સહયોગી થશો.**

**વ્યવસ્થાપક સમિતીના સભ્યો:**

| | | | |
|---|---|---|---|
| શ્રી વિરચંદ નરશી લોડાયા (રાપર, મુલુંડ) | ૯૫૬૪૬૦૦૯૦૦ | શ્રી મહેશ હંસરાજ દંડ (સાંધવ, મુલુંડ) | ૯૩૨૩૯૦૦૭૩૯ |
| શ્રી દિપેશ ચિમનલાલ મોમાયા (વરાડિયા, ભાંડુપ) | ૯૮૧૯૭૫૩૧૬૧ | શ્રી લહેરચંદ લાલજી સોની (સુથરી, મુલુંડ) | ૮૦૮૨૪૯૪૭૫૮ |
| શ્રી અજીત માલશી લોડાયા (તેરા, મુલુંડ) | ૯૮૬૯૭૩૧૯૧૨ | શ્રી ઉદય કુંવરજી મોતા (તેરા, ઘાટકોપર) | ૯૩૨૪૦૬૧૩૦૭ |
| શ્રી ચંદ્રેશ વિરેન્દ્ર લોડાયા (બાંઢીયા, અમદાવાદ) | ૯૮૨૫૦૦૯૮૦૩ | શ્રી હિરજી કેશવજી શાહ (નલિયા, વડોદરા) | ૯૭૨૭૧૬૦૬૪૭ |
| શ્રી ખુશાલ રતિલાલ લોડાયા (બાંઢીયા, નાશિક) | ૯૩૭૨૫૧૧૫૩૫ | શ્રી સમીર શામજી દંડ (સાંધવ, મુલુંડ) | ૯૮૧૯૧૯૩૭૪૩ |
| શ્રી રાહુલ મેઘજી ધુલ્લા (સુથરી, મુલુંડ) | ૯૩૨૦૯૯૧૧૬૧ | શ્રી દિલીપ ભવાનજી લોડાયા (રાપર, મુલુંડ) | ૮૦૯૭૦૨૯૦૨૯ |

**લી. ટ્રસ્ટીશ્રીઓ:**

શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા (રવા, ચેંબુર)
શ્રી લક્ષ્મીચંદભાઈ ધારશી મોતા (લાખણિઆ, વડાલા)
માતુશ્રી કલ્પનાબેન રમણકાંત લોડાયા (જખૌ, જામનગર)
શ્રી જયંતભાઈ ભવાનજી સોની (સુથરી, જુહુ)
શ્રી છત્રપતીભાઈ નરશી દંડ (વરાડીયા, મલ્કાપુર)
શ્રી પંકજભાઈ પદમશી ખોના (જખૌ, મુલુંડ)

તા.ક.: ઉપરોક્ત યોજનાઓમાં જોડાવવા માટે વ્યવસ્થાપક સમિતીના સભ્યોનો સંપર્ક સાધવો.

# ૧૦ મી પુણ્યતિથિ: નત મસ્તક ભાવભિની શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૨૧.૦૧.૩૫

અરિહંત શરણ :
તા. ૨૩.૦૩.૨૦૦૪

૬૯ વર્ષની
જીવનયાત્રા

## સ્વ. શા ડુંગરશી કુંવરજી પરબત ખોના (જખૌ- ડોંબીવલી)

### એક સફળ જીવનયાત્રી દ્વારા સગપણનાં વાવેતર
### ઋણાનુબંધી પુણ્યાઈનો હાર્દિક ઋણ સ્વીકાર !

### -: આદરાંજલી :-

**માવિત્ર** : સ્વ. ઝમકુબાઈ કુંવરજી ખોના (ભારાણી)

**મોસાળ** : મામાશ્રી ચાંપશી વેરશી છેડા (નલિયા)

**ધર્મપત્ની** : ગં. સ્વ. ધનલક્ષ્મી ડુંગરશી ખોના (ડોંબીવલી)

**પુત્રી - જમાઈ** : સૌ. ડિના જીતેન્દ્ર મોતા (ઘાટકોપર)

**શ્વસુર પક્ષ** : સ્વ. ગંગાબાઈ લધાભાઈ મોમાયા (સાંયરા)

**બહેનો** : ગં.સ્વ. લીલાવંતી નવિનચંદ્ર ધરમશી (ધુલીયા)
સ્વ. ચંદનબેન લક્ષ્મીચંદ સાયલા (મુંબઈ)
સૌ. વિમલાબેન (વર્ષા) વીરચંદ મૈશેરી (ઘાટકોપર)

**ભાઈઓ** : સ્વ. રમેશચંદ્ર - ગ.સ્વ. પ્રમિલાબેન રમેશ ખોના (ઘાટકોપર)
સૌ. લીલા સનત (રાજા) ખોના (ડોંબીવલી)

**સાલ - સલહજ** : સૌ. સુશિલાબેન કાન્તિલાલ મોમાયા (ડોંબીવલી)
ગં.સ્વ. દમયંતિબેન મગનલાલ મોમાયા (પુના)
સૌ. અરૂણાબેન આણંદજી મોમાયા (મહેસાણા)

**સાલી - સાઢુભાઈ** : સૌ. નવલબેન દેવશી પોલડીયા (ઘાટકોપર)
ગં.સ્વ. પ્રમિલાબેન ખીમજી લોડાયા (યવતમાલ)
સૌ. ભારતીબેન અમૃતલાલ જૈન (કાંદિવલી)
સૌ. હંસાબેન મોતીચંદ લોડાયા (મુલુંડ)
પ.પુ. સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા.

**ભાણી - ભાણેજ** : સૌ. લતા લાલજી મોતા (બયાના), ગં.સ્વ. ચેતના કિશોર નાગડા (નાંદેડ),
ગં.સ્વ. નુતન નવિન લાલકા (મુંબઈ), પરેશ નવિનચંદ ધરમશી (ધુલિયા),
પવન (નલિયા), તૈલેશ લક્ષ્મીચંદ સાયલા (ડોંબીવલી),
સૌ. સોનલ શાંતિલાલ નાગડા (હરસુદ), સંજય - સમીર વિરચંદ મૈશેરી (ઘાટકોપર),
સૌ. દર્શના અર્પણ નાગડા (માટુંગા)

**પૌત્ર-પૌત્રી** : ગૌતમ, સૌમિલ રમેશચંદ્ર ખોના (મુંબઈ), સૌ. મિત્તલ વિશેષ કૌલ (બેંગલોર),
કુ. જ્યોતિ ઉર્વશી સનત ખોના (ડોંબીવલી),

**દોહિત્રી** : કુ. શ્રધ્ધા - આકાંક્ષા જીતેન્દ્ર મોતા (ઘાટકોપર)

જય ચકેશ્વરી માતા ॥ નમો નમઃ તીર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ સ્વામીને નમઃ ॥ જય મહાકાલી માતા

શ્રી આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરીભ્યો નમઃ

# ૪૦૦ કરતાં અધિક વર્ષ પ્રાચીન શ્રી મોડપર તીર્થના અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવની ઉછામણીઓ જોરદાર થઈ

## ધન્યવાદ ❖ અનુમોદના ❖ ધન્યવાદ

- ફાગણ સુદ પુનમનો હોળીનો દિવસ ૩ દિવસની લગાતાર છુટ્ટી છતાં, ૭૦૦ થી વધુ પુણ્યશાળી ભાગ્યશાળીઓની હાજરીથી રંગબેરંગી થઈ ગયો. પૂજ્ય સૂરીત્રયના આશિષ પ.પૂ.ગણીવર્ય શ્રી કવીન્દ્રસાગર મ.સા., પ.પૂ.શ્રી પુણ્યોદયસાગર મ.સા., પ.પૂ.શ્રી દેવરત્નસાગર મ.સા.ના શિષ્યો, પ.પૂ.સા.શ્રી અરૂણોદયશ્રીજી મ.સા. આદિ ઠાણા તેમજ યતિવર્યશ્રી મોતીસાગરજી ક્ષમાનંદજી મ.સા.ની તેમજ મુંબઈમાં વિચરતા ક્ષમણ ક્ષમણી વૃંદની પરમ પાવન નિશ્રામાં ઉછામણીઓ ઉરના ઉમંગથી મનભાવન થઈ.
- જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા અને શેઠાણીને માળારોપણથી કાર્યક્રમની શરૂઆત થઈ અને તેમના આશિર્વાદથી કાર્યક્રમ ખૂબજ સફળ થયો.
- પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે આઠ દિવસની સંપૂર્ણ સાધર્મિક ભક્તિનો લાભ ત્રણ પરિવારોએ સંગાથે લઈને પ્રતિષ્ઠા મહોત્સવને ખૂબજ મોટું ગૌરવ બક્ષ્યું.
- અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવે ભગવાનના માતા-પિતા બનવાનો તેમજ મુળનાયક સુપાર્શ્વનાથ દાદાની પ્રતિષ્ઠાનો લાભ એકજ પરિવારે રેકોર્ડ રૂપ ચડાવા લઈને સૌને ગદ્ગદ્દીત કરી દીધા. તદુપરાંત શ્રી નરેન્દ્રભાઈ નંદુના એકજ અવાજે સાધર્મિકોને આવવા જવાની વ્યવસ્થા માટે માતબર રકમ જાહેર થતાં ઉલ્લાસ ઉમંગની છોળો ઉછળી. સૌએ આનંદમાં નૃત્ય કર્યું.
- શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન, શ્રી પદમાવતી દેવી અને શ્રી સરસ્વતી દેવીની નવી પ્રતિમાઓ ઘડાવવાનો, ભરાવવાનો અને પ્રતિષ્ઠા કરવાના ચડાવા ખૂબજ ઊંચા ગયા અને સૌની આંખો આનંદથી ભીની થઈ ગઈ. મોડપર દેરાસરમાં બિરાજમાન અન્ય સાત પરમાત્માઓની પુનઃપ્રતિષ્ઠાના ચડાવા પણ ખૂબજ સુંદર થયા જાણે ભાગ્યશાળી ભાવિકો મનથી વરસ્યા.
- દાદા ગુરૂદેવ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.ની કાઉસ્સગ્ મુદ્રામાં નૂતન પ્રતિમા તેમજ પ્રાચીન પ્રતિમા અને પાદુકાના ચડાવા ઉરના ઉમંગથી ઉછળતા હૈયે એક જ પરિવારે લઈને ગુરૂ મહિમાની ઉંચાઈ દેખાડી. કાર્યક્રમ અને અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવના પ્રાણ સમા સાધારણ ફંડમાં લાખેણા દાતાઓ રૂા. ૧,૦૮૦૦૦/- આધાર સ્તંભ કાયમી નિભાવ ફંડમાં રૂ. એક લાખથી વધારેના દાતા અને રૂ. ૨૫,૦૦૦/- ના સહાયક આધારસ્તંભ દાતાઓના નામો માટે ટહેલ નંખાઈ તેમ છતાં સાધારણ ખાતું સધ્ધર કરવામાં હજુ યોગદાન ખૂબજ આવકાર્ય છે. દાનવીર દાતાઓની ભૂરી ભૂરી અનુમોદનાં.
- કુલ ઉછામણીનો આંક થયો રૂા. ૧.૦૧ કરોડની પાર.
- અંતમાં ગણીવર્ય શ્રી કવીન્દ્રસાગર મ.સા. કન્વીનર શ્રી ચીમનભાઈ મોતા અને કન્વીનર પ્રમુખ ટ્રસ્ટી શ્રી પંકજભાઈ ધરમશીએ તેમના વ્યકતવ્યમાં દરેક ભાગ્યશાળી દાતા પરિવારોનો અને આ કાર્યક્રમમાં હાજરી આપી અનુમોદના કરનાર દરેકનો અને શ્રી નરેન્દ્રભાઈ નંદુનો સહૃદયથી આભાર માન્યો. પૂ.ગુરૂદેવ શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.નું સપનું ટુંક સમયમાં સાકાર થશે તે બદલ હર્ષ વ્યક્ત કર્યો. વિશેષમાં જ્ઞાતિના જુજ જાણીતા મોટા નામો અને અન્ય નવા ચહેરાઓની ગોપાયેલી શક્તિ બહાર આવી તે બદલ જ્ઞાતિ મૈયાને બિરદાવી નિઃસ્વાર્થ ભાવે સેવા આપનાર દરેક કાર્યકર્તાઓનો ખૂબ ખૂબ આભાર.
- આપને સૌને અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવમાં તા.૨૫-૫-૨૦૧૪, ૨૬-૫-૨૦૧૪ અને ૧-૬-૨૦૧૪ થી ૬-૬-૨૦૧૪ સુધી પધારવા ભાવભર્યું આમંત્રણ છે. સાધર્મિક ભાવિકો માટે મોડપર આવવા જવાની નિઃશુલ્ક મર્યાદિત વ્યવસ્થા સખી દિલદાતાઓના સહયોગથી વહેલો તે પહેલાના ધોરણે કરવામાં આવી છે. સંપર્ક : નીતીનભાઈ ધરમશી - મો. ૯૮૨૦૩૦૩૭૭૭

લી.

શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના ટ્રસ્ટીઓ કન્વીનરો અને કારોબારી સભ્યોના જય જિનેન્દ્ર..

## KDOs MOVE ON..... MOTIVATION IS GREATER THAN INHERITANCE.

*TILAKCHAND LODAYA (Chennai) Email :ourbrotherhood@yahoo.co.in*

According to a survey reported in Times of India News Paper dated Aug 13, 2013, out of the world's hundred richest people today, 27 are heirs and 73 are self-made. Of the self-made, 18 have no college degree and 36 are children of poor parents, but some billionaires had neither a degree nor wealthy parents. In other words, super-achievers are not born, they are self-made people. It is not external favour that makes one a super-achiever, without emphasis on money alone, but one's own struggle.

The same is true to our KDO Community. Most of the present day rich individuals (100 Crores + without the inherited landed property and Discount for smaller towns) of our community had very humble beginnings. Their stories are also from rags to riches like that of Jan Koum of WhatsApp fame. Each has had an unique life experience. At the same time many of the second or third generations of the erstwhile rich members are not on this scene.

Everyone is a potential billionaire. It is the unfolding of one's own potential that makes one a billionaire or super achiever. Nature's gifts come to everyone equally. It is the receiver himself who either utilizes them or not. So-called deprived persons are in fact privileged persons. Their state of deprivation serves as inner motivation. When they see others are progressing, it creates a strong incentive in their minds. It inculcates a strong urge in the individual to make something of his life.

Any state of deprivation brings about a kind of brainstorming which enhances inner spirit. They enter the world of competition working to their full capacity. They develop the spirit of do or die. It is this spirit that leads them to success.

There is a saying that 'Mr. X was born with a silver spoon in his mouth'. This kind of birth creates a kind of contentment in the concerned person and this kind of contentment mostly kills motivation. While one who was born in a poor family without a silver or a golden spoon, develops a kind of discontent that ought to activate one's mind and trigger a fire within one to do hard work.

There are numerous examples of one rising to a high position through one's own struggle, while one's children might have turned out to be ' Not so Bright'. The reason is simple. The parent started his life with the spirit of discontent, while his children started their lives with contentment'. This reason is responsible for the difference between parents and children.

One who is born into a poor family and achieves success by way of struggle, achieves one more thing, which is more important than wealth-that is, intellectual development. His circumstances automatically develop an intellectual struggle in his mind. This struggle unfolds his inner capacity and consequently he emerges as an intellectually developed person.

The law of nature in this regard says that it is not ease but effort, not facility but difficulty that makes achievers out of ordinary people. So, the future is full of hope and opportunity!

Last week my grand daughter answered in an interview for admission to 6th Standard in Rishi Valley School run by J. Krishnamurthy Foundation at Madanpalli, A.P. as under:

"What she would like to become?"

She promptly replied that, "She has aimed to become Indra Nooyi, the CEO of Pepsi." And she went to elaborate on it without any hesitation. That's the clarity and aspiration.

So dear friends, don't ever invent an excuse that you couldn't achieve because of the financial background of your family or because you were born in a small town or a village or because you didn't study in a renowned school or because your friend circle was not of a top class or your height or health and so on. Just study the life of many achievers in various fields of KDO community or other Super Achievers and you will be inspired by their life story lines and keeping them as role models you can reach greater heights and travel unchartered career graphs. Quite a many KDO youngsters (below 45) have also done exceptionally well though their beginnings were very humble. Please use the social infrastructure of our community, country and the world. Keep the fire in the belly and have contentment levels higher. Make use of the social media and knowledge explosion to achieve your goals. When you reach desired level please take care of your other community brothers and sisters and ensure inclusive growth. All said and done, whether you like it or not, money plays an important role in life. Unless the heart is rooted, talents don't branch out. The urge for excellence has to come from within.

Competence cannot cause passion, but passion can always develop competence. A small town boy who gave exams in Gujrati though the teachers gave lectures in Kannada and books also were in Kannada, with no guidance passed Indian Revenue Service Examination and retired as the Chief Commissioner of Income Tax. He who constructed hundreds of flats on no loss no profit basis for colleagues, in spite of being an Arts Graduate and was described as Shahjahaan of the IT department and achieved many more laurels, writes this article, which you are reading. This is not an attempt to impress you with my life, but to impress upon you that not all the first rank holders come first in life and not all the backbenchers remain a backbencher in life. Our past is not equivalent to future.

There is nothing in caterpillar that suggests that it can be a butterfly and yet it becomes one. What we were and we are is inconsequential to what can become in life. Stop looking at what has left to you and start focusing on what you are left with. Count your blessings and never your troubles. If you want the best form of life, you got to give your best to life.

**As parents** give you child a chance by choosing path where his best will come out. Not everybody can be good at everything, but everybody can be good at something. Finding that for our children is greatest parental responsibility.Aft Af After learning the rules of the game, play better. It is not the mountain we conquer but ourselves.


।। આદીનાથાય નમઃ ।।



**શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન**

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫.

ફોન: ૦૨૮૩૧-૨૮૨૩૧૮

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ – મુંબઈ દ્વારા આયોજીત**

**એક દિવસીય ગુણ કન્યા જ્ઞાન શિબિર**

શ્રી આદિનાથ દાદાની અસીમ કૃપાથી અને સૂરિત્રયની કૃપા-આજ્ઞા શુભાશિષોથી કચ્છ માદરે વતનમાં આપણાઆ ગામમાં પ્રથમ જ વાર યોજાઈ રહેલી વિહારયાત્રા તીર્થયાત્રા સહ પંચ દિવસીય આર્ય સમય ગુણ કન્યા જ્ઞાન શિબિરનું આયોજન શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ એ કરેલ છે. આપણા સાંયરા ગામમાં તા. ૨૭.૫.૨૦૧૪ મંગળવારના ગુણ કન્યા જ્ઞાન શિબિરનું આયોજન કરેલ છે. તો સાંયરા ગામવાસીઓ આપણા ગામની ધરતીયે પૂ.સા. **શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.** આદિ વિશાલ સાધ્વીવૃંદ પધારશે. શિબિરાર્થી બાલિકાઓ પણ પધારશે તો ચાલો સૌ ગામવાસીઓ આપણે પણ બધાએ શિબિરાર્થી બહેનોની અનુમોદના કરવા એમની ભક્તિ કરવા અને સાથે આપણા ગામના યુવાનો આ શિબિરમાં જોડાઈ તન-મન-ધનના સહભાગી બન્યા છે. તેમની અનુમોદના કરવા એમના આ મહાન સુકૃતને બિરદાવવા અને ૧ દિવસ પૂજ્યોના સત્સંગને પામવા સૌ ગામવાસીઓ બહોળી સંખ્યામાં પધારો. આવો અવસર ફરી જલ્દીથી મળતો નથી. તો આપણા આંગણે આવેલા અવસરને દીપાવવા પધારો શુભ પ્રસંગે શ્રી ક.દ.ઓ. સાંયરા જૈન મહાજન શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપનો હૃદયપૂર્વક આભાર માને છે. ફરી આવા લાભ લઈ તકને ઝડપી સમય-શક્તિ-લક્ષ્મીને સફળ બનાવો. એજ મહાજન તરફથી શુભેચ્છા.

**લિ. : શ્રી ક.દ.ઓ. જૈન સાંયરા મહાજન**

# રંગરાગની જેમ વૈરાગ્ય પણ કોઈની ચોઈસ હોઈ શકે!

વનિતા



વિશ્વ

થોડા દિવસો પહેલાં રંગ - રાગ અને મોજ - મજા માટે જાણીતી મોહમયી મુંબઈ નગરી જાણે વૈરાગ્યનગરી બની ગઈ હોય તેવો માહોલ રચાયો. ઘાટકોપરમાં એક સાથે નવ યંગ યુવતીઓએ અનો પાર્લામાં એક પરિવારના બે યુગલો, બે યંગસ્ટર્સ અને એક ટીનેજર છોકરીએ તેમજ બોરીવલીમાં એક આઈ.આઈ.ટી.ના પ્રોફેશનલે જૈન ધર્મના ત્યાગના માર્ગે પગરણ માંડ્યા! એ ત્રણે ઘટનાઓ રોમાંચક હતી! જિંદગીની વસંત કહેવાય એવી ઉંમરમાં આ લોકોને સંસારની મહેફિલ છોડીને સંયમનું સામ્રાજ્ય પ્રવર્તે છે તેવા સન્યાસી જીવન અપનાવવાનું કેમ સૂજ્યું હશે એ સવાલ અનેક હોઠો પર રમતો હતો!

મારા મનમાં પણ વિચારો, દલીલોની ધમાચકડી મચી છે. ક્યારેક તેમને માટે રડવું આવે છે તો ક્યારેક એમના ચેહરો પર છવાયેલી પરમ સંતોષની રેખાઓ જોઈને નવાઈ લાગે છે! ક્યારેક તેમના સ્વજનોનો વિચાર કરતાં દિલ બેસી જાય છે તો ક્યારેક પોતાના સ્વજનની આવી ઈચ્છાને સાકાર કરવાની અનુકુળતા આપવાની તેમની ઉદારતા પ્રત્યે માન જાગે છે!

આ ઘટના મિત્રોમાં ચર્ચા ચાલતી હતી ત્યારે એક મિત્રએ અત્યંત આશ્ચર્યથી સવાલ કર્યો કે જિંદગીની વસંત કહેવાય એવી ઉંમર આ બધી યુવતીઓને સંસારની આકર્ષક અને મોજમજા ભરેલી જિંદગી છોડવાની કલ્પના પણ કેવી રીતે આવી હશે? તેઓ કેવી હાર્ડ લાઈફ અપનાવી રહી છે તેનો તેમને રંજ હતો એટલે જ તેમને આ દીક્ષાનો પ્રસંગ બહુજ દુઃખદ લાગતો હતો. તેમના જેવો મત ઘણા લોકોના હોઈ શકે. પરંતુ તેમના કરતાં તદ્દન જુદો મત પણ કેટલાક મિત્રોનો હતો. ચાલીસથી ઉપરની ઉંમરની એક યુવતીએ કહ્યું: અરે! હાર્ડ લાઈફ તો આપણી છે. આ ઓફીસ, ઘર, છોકરાઓ અનો વ્યવહાર! ...બધું આપણે સાચવવાનું. કેટલી હાલાકી, કેટલા સેક્રિફાઈસ અને કોમ્પ્રોમાઈસ આપણે કરવા પડે છે! અરે નાના હોઈએ ત્યારથી ભણવાનું ને બધી બાબતમાં આગળ રહેવાનું સ્ટ્રેસ... પછી કારકિર્દી અને જોબનું સ્ટ્રેસ. તેમાંય કેટલી બાંધછોડ કરવાની! તો હાર્ડશિપ તો આપણી લાઈફમાં વધુ છે. જ્યારે સાધુજીવનમાં તો આવી કોઈ ઝંઝટ જ નહીં ને! હા, એ લાઈફના પણ નિયમો હશે અને તે પાળવા પડશે, પણ એમ તો આપણી જિંદગીમાં કેટલા બધા રુલ એન્ડ રેગ્યુલેશન પાળવા જ પડે છેનો! ઓફિસમાં અને ઘરમાં જવાબદારીનું દોરડું કેવું સખત નથી વીંટળાયેલું આપણા ગળે?!

પરંતુ આશ્ચર્યની વાત એ છે કે ઘાટકોપરમાં જે નવ યુવતીઓએ દીક્ષા લીધી તેમણે સંસારની હાર્ડશીપ કે ઝંઝટથી ભાગીને દીક્ષા લીધી હોય તેવું નથી! શક્ય છે કે તેમનામાંની ઘણીખરી યુવતીઓને શિરે તો જવાબદારીની કોઈ ધુંસરી હજી આવી પણ નહીં હોય. મોટો ભાગની પોતાનું એજ્યુકેશન પુરું કરીને જોબ કરી રહી છે. એટલે કોઈ ટેન્શન વગર ફ્રી રહેતી હોય એ શક્ય છે. હા, તેમનામાંની એક બહેન પરિણીત અને બાળકોવાળી છે! પરંતુ આ માર્ગ પ્રત્યેનું તેનું વલણ જોઈને તેના પતિએ તેના નિર્ણયને ટેકો આપ્યો છે. તેનો વિચાર કરતાં જરૂર સવાલ ઊઠે કે પતિએ તો રજા આપી પણ તેનાં બાળકોને છોડતા જીવ કેમ ચાલ્યો હશે? પરંતુ આ તમામ યુવતીઓ પાસે સંયમના માર્ગે આત્મ-મિલનના લક્ષ્ય પર પાહેંચવાનું સપનું છે અને ચોક્કસ એ સપનું તેમને સંસારના બધા જ સુખ-સગવડ અને આકર્ષણો કરતાં વધુ સુંદર લાગ્યું હશે! તો જ આમ આનંદથી પોતાનાં સગાં - વહાલા અને ઘર-બાર બધું મુકીને આ માર્ગે ચાલી નીકળી હશે ને!

પાર્લાની દીક્ષાના કિસ્સામાં જે બે યુગલોએ દીક્ષા લીધી છે તેમની જિંદગી પણ સાંસરિક સુખો કે મટિરિયાલિસ્ટિક સાધન સગવડોથી છલોછલ હતી. એવી સપન્ન જિંદગી છોડીને તેમનાં સંતાનો તો અગાઉ જ આ માર્ગે પ્રયાણ કરી ચૂક્યા છે! એટલે આ યુગલોની દિક્ષા પણ સંસારથી ત્રાસીને કે ભાગીને નહીં પણ સંયમ માર્ગ પ્રત્યેના ખેંચાણમાંથી ઉદભવી હોય તેવું જણાય છે.

સૌથી આશ્ચર્યજનક તો બારીવલીનો યંગ મેન ભાવિક લાગે છે! આઈ. આઈ. ટી.ના આ સિલ્વર મેડલિસ્ટ કેમિકલ એન્જિનિયરને તો અમેરિકાની વિસ્કોન્સીન યુનવર્સિટીમાં પીએચ.ડી. માટેની સ્કોલરશિપ મળી ગઈ હતી! પરંતુ તેને જૈન આગમગ્રંથોના અભ્યાસમાં વધુ રસ પડયો છે! આગમનો ઊંડાણથી અભ્યાસ કરવા માટે તે સંયમને માર્ગે વળ્યો છે. એટલે આ બધા કિસ્સામાં સંસારના કહેવાતા સુખ-સગવડો છોડવાનો અને સંયમના આકરા જીવનને અફનાવવાનો નિર્ણય ભાગેડુ વૃત્તિથી નહીં પણ જે પામવા જઈ રહ્યા છે તે અત્યારે જે છે તેનાથી વધુ આકર્ષક અને વધુ બહેતર છે એવી સમજ સાથે થયો હોય એમ જણાય છે.

અલબત્ત, મુંબઈ જેવાં મહાનગરના વિરાટ માનવમહેરામણમાં આવા બે - ત્રણ કિસ્સા બને એટલે તેને શહેરની બદલાતી તાસીર કહી દેવી બિલકુલ યોગ્ય ન જ ગણાય. પરંતુ આજ - કાલ સ્પિરિચ્યુઅલ ગેધરિંગ્સમાં જે સંખ્યામાં યંગસ્ટર્સ ઊમટે છે અને એ પ્રકારની પ્રવૃત્તિઓમાં જે પ્રમાણમાં ઈન્વોલ્વ થાય છે એ જોતાં આ એક અભૂતપુર્વ ટ્રેન્ડ શરૂ થયો છે એવું નથી લાગતું?

આ બધા વિચારો ચાલતા હતા ત્યાં જ ટ્રેનમાં સામે બેઠેલી યંગ સ્માર્ટ છોકરી અને બે બુરખાધારી મહિલાઓ વચ્ચે ચાલતી વાત તરફ ધ્યાન દોરાયું. છોકરીએ એ મહિલાઓને પૂછયું : હંમેશા આ બુરખો પહેરી રાખવો તમને ગમે છે? તમને પણ અમારા જેવા જુદા-જુદા ને મોડર્ન કપડા પહેરવાનું મન નથી થતું? આફ્ટર ઓલ આ જિંદગી એક જ વાર મળે છે! મહિલઓએ કહ્યુંઃ અમે પણ નવા-નવા ડ્રેસીઝ પહેરીએ છીએ. અમારા બુરખામાં પણ ઘણી વેરાયટી હોય છે! અને અમારા અલ્લાએ કહ્યું છે કે અમારા ભલા માટે અમારે પહેરાવો જોઈએ. છોકરીએ પૂછ્યું : તમે ઉપરવાળાને જોયો છે? એણે એવું કહ્યું છે એ તમે કેવી રીતે જાણ્યું? એ તો અમારા કુરાનમાં લખ્યું છે. જવાબ મળ્યો. પછી પણ એમની વાત તો ચાલતી રહી હતી પણ મારા મગજ પર ફ્રીઝ થઈ ગયું છોકરીનું પેલું વાક્ય આફ્ટર ઓલ આ જિંદગી એકજ વાર મળે છે! કેવો જોગાનુજોગ! પેલા દિક્ષાર્થીઓની કેફિયતમાં પણ લગભગ આ જ સૂર સાંભળવા મળ્યો હતો. જિંદગી ના મિલેગી દુબારા! તો સંયમ માર્ગે ચાલી પરમને પામી લેવો છે! મેં એ છોકરીને દીક્ષાની વાત કહી તો તેનું મોં આશ્ચર્યથી પહોળું રહી ગયું. પછી બોલી : દરેકને પોતપોતાની ચોઈસ છે. દરેકનો જુદી જુદી બાબતમાંથી મજા આવે છે. તેણે જજમેન્ટલ થયા વિના કરેલી કમેન્ટમાં જૈન તત્વદર્શનના અનેકાંતવાદની ઝલક હતી. મને ગમી. ઊતરતી વખતે તેણે પેલી મહિલાઓને કહ્યુંઃ તમને મારી વાતનું ખરાબ નથી લાગ્યું ને! પ્લીઝ ખરાબ ન લગાડતા. કદાચ તમને આ બૂરખો પહેરવો ગમાતો હોઈ શકે! એનો તો મને ખ્યાલ જ ન આવ્યો.

***- તરુ કજારિયા, મુંબઈ સમાચારમાંથી સાભાર***


Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
**જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.**
**Mob. : 7666688881**
ગુરૂવાર બંધ



લગ્નસરાની સાડીઓમાં કડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯
સંપર્કઃ દિનેશ દેઢિયા - 92234 25676

## શ્રધ્ધાંજલિ

જન્મ :

તા. ૧૫.૦૬.૧૯૫૭





અરિહંત શરણ :

તા. ૧૩ - ૦૩ -૨૦૧૪




# શ્રી ભરત લાલજી લોડાયા (ગઢગ - કચ્છ કોઠારા)

જીવન એવું જીવ ગયો જે કદી ભુલાય નહીં,
વિદાય એવી લીધી જે કદી વિસરાય નહીં...
યાદ આવશે તારો મસ્ત - મોજીલો સ્વભાવ,
હવે કેમ સહેવાશે તારા વિરહનો ઘાવ...
સ્મૃતિઓમાં રહેશે સદાય તારા મધુર સંભારણા,
તારો દિવ્યાત્મા પામે પરમ શાંતિને મોક્ષ:ધામ...

**✤ શ્રધ્ધાસુમન આપનાર ✤**

| | | | | |
|---|---|---|---|---|
| માતા | : | સ્વ. ધનભાઈ લાલજી માણેકજી લોડાયા | | |
| પિતા | : | શ્રી લાલજી માણેકજી લોડાયા | | |
| ધર્મપત્ની | : | શ્રીમતી નીતા ભરત લોડાયા | | |
| પુત્ર | : | અતીત ભરત લોડાયા | પુત્રવધુ | : શ્રીમતી મેઘા અતીત લોડાયા |
| ભાઈ | : | શ્રી ચંદ્રકાંત લાલજી લોડાયા | ભાભી | : સૌ. દમયંતીબેન ચંદ્રકાંત લોડાયા |
| ભાઈ | : | શ્રી દિલીપ લાલજી લોડાયા | ભાભી | : સૌ. જયશ્રી દિલીપ લોડાયા |
| બહેન | : | પુર્વી પિનાકીન છેડા | બનેવી | : શ્રી પિનાકીન જેઠાભાઈ છેડા |
| સાસુ | : | મધુબેન ગોવિંદજી મોમાયા | સસરા | :શ્રી ગોવિંદજી રાઘવજી મોમાયા (તિરપુર) |
| સાળી | : | રશ્મિબેન જવેર લાલકા | સાઢુભાઈ | : જવેર મુલજી લાલકા (હૈદ્રાબાદ) |
| વેવાઈ | : | શ્રી તિલોકચંદ નારાણજી લાલકા (સોલાપુર) | | |
| વેવાણ | : | અરુણાબેન તિલોકચંદ લાલકા | | |

**તથા સમસ્ત લોડાયા અને મોમાયા પરિવાર**



॥ જસાપર મંડન શ્રી આદિનાથાય નમઃ ॥
અચલ(વિધિપક્ષ)ગચ્છ શણગાર શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય-કલાપ્રભાસાગરસૂરીશ્વેભ્યો નમ :
શ્રી જસાપર (અબડાસા) નગરે
૧૩૮ વર્ષ પ્રાચીન શ્રી આદિશ્વર જિનાલયે
શ્રી ક.દ.ઓ.જૈન જસાપર મહાજન- સંચાલિત
નવનિર્મિત અતિથિ ભવનના
ઉદ્‌ઘાટન-તક્તી અનાવરણવિધિ પ્રસંગે પધારવા
ભાવભર્યું નિમંત્રણ
ભાગ્યોદયી નિશ્રાદાતા
૪૭-૪૭ સુદીર્ઘ વર્ષીતપારાધક, સંઘશિરછત્ર,
તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
સાહિત્ય દિવાકર, પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભાસાગરસૂરીશ્વરજી મ.સા.આદિ
નિમંત્રક
શ્રી ક.દ.ઓ.જૈન જસાપર મહાજન
ગામ જસાપર, પોસ્ટ : નલીયા, તા. અબડાસા, કચ્છ-૩૭૦ ૬૫૫.
કચ્છ : ૦૯૪૨૭૨ ૭૪૭૦૦ મુંબઈ : ૦૯૮૬૯૧ ૨૧૬૬૬

# આમંત્રણ

જય જિનેન્દ્ર

સહર્ષ જણાવવાનું કે,

ભર ઉનાળે જેમ વૃક્ષ શીતળતાનો અનુભવ કરાવે..
કૈક પક્ષીઓનું આશ્રય સ્થાન બને છે.
તેમ આવતા જતાં અનેકોને ટાઢક અને આશ્રય આપવાનું કાર્ય
અતિથીગૃહ - ધર્મશાળા કરે છે. અમારા નાનકડા ગામના આંગણે
આવા નિર્માણ કાર્ય, બાથ ભીડી અને પૂજ્ય ગુરુવરોના આશિષે અને
ઉદારદિલ દાતા પરિવારોના સથવારે આ વિરાટ કાર્ય શક્ય બન્યું
૪૭-૪૭ સુદીર્ઘ વર્ષીતપના આરાધક તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા
સાહિત્ય દિવાકર **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભાસાગર સૂરીશ્વરજી મ.સા.** આદિ
કચ્છમાં પધારતાં ગુરુદેવોની નિશ્રાનો અવસર સંપ્રાપ્ત થતાં
**નૂતન અતિથીગૃહના ઉદ્‌ઘાટન તથા તક્તી અનાવરણવિધિ**
કરાવવાનો નિર્ણય કર્યો.
આ અવસરે ગ્રામવાસીઓના હૈયા હર્ષાનંદથી ઝૂમી ઉઠયા છે.
ઉપરોક્ત પાવન પ્રસંગે અમારા આમંત્રણને માન આપી
પધારી આપ સૌ શાસનની શોભા વધારશોજી.....

નિમંત્રક
**શ્રી ક.દ.ઓ.જૈન જસાપર મહાજન**

**ઉદઘાટન-સમારોહ પાવન દિવસ**

**વિ.સં. ૨૦૭૦ ચૈત્ર સુદ-૧૧ ગુરૂવાર તા. ૧૦-૪-૨૦૧૪ સવારે ૯.૦૦ કલાકે**
આ અવસરે સાધર્મિક ભક્તિનું આયોજન રાખેલ છે.

**વાસ્તુ પૂજન**

**સવારે ૧૨.૩૯ કલાકે**

**પૂજા-સંગીતમાટે વિધિકાર**

**સંગીતકાર શ્રી ચંદ્રકાંતભાઇ દેઢીયા**
**બીદડાવાલા પધારશે.**

**શુભકામના**

**પૂ. સા. વિપુલગુણાશ્રીજી મ.સા.**
તથા સંસાર પક્ષે આપણા ગામના
માતૃશ્રીલક્ષ્મીબેન વેલજી ઘરમશીના સુપુત્રી
**પૂ.સા. મૌનગુણાશ્રીજી મ.સા.**
ની શુભેચ્છા પ્રાપ્ત થયેલ છે.

તાસ અનુમોદના કીજીએ...

શ્રી ક.દ.ઓ.જૈન જસાપર મહાજન સંચાલિત

## માતૃશ્રી જમકુબાઇ ભવાનજી માડણ ધરમશી

## મણી સોમ મોતી અતિથીગૃહ

જસાપર – હાલ ચેમ્બુર નિવાસી

ગં.સ્વ. લીલાવંતી મણીકાંત ધરમશી, ગં.સ્વ. વિજયા સોમચંદ ધરમશી

**અ.સૌ. ઉષાબેન મોતીલાલ ધરમશી, અ.સૌ. ફાલગુની પીયુષ ધરમશી**

અ.સૌ. ગીતલ લોકેશ ધરમશી, અ.સૌ. ટીના કમલ ધરમશી, ચિ. પરાગ મોતીલાલ ધરમશી, (પ્રિષા, ક્રીશ)

હ. શેઠ શ્રી મોતીલાલ ભવાનજી ધરમશી

**ભૂમિ દાતા**

- માતુશ્રી મણીબેન મેઘજી લાલજી ધરમશી, જસાપર – કોચીન
- માતુશ્રી દીમુબાઇ મેઘજી ખીંયરાજ ધરમશી પરિવાર, જસાપર – મુલુન્ડ

**અન્નપૂર્ણા ગૃહ (રસોઇ ગૃહ)**

- શેઠશ્રી જેઠાલાલ ખીમજી સાવલા, કોડાય – લોઅર પરેલ
- અ.સૌ. લતાબેન મણીકાંત મેઘજી મોમાયા, વરાડીયા – હૈદરાબાદ
- અ.સૌ. મીનાબેન ગુલાબચંદ પદમશી મોતા, તેરા – હૈદરાબાદ

**સ્ટોર રૂમ**

- શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર, સુથરી – વરલી મુંબઇ

**અતિથિ ગૃહના રૂમ દાતા**

- માતુશ્રી મેઘબાઇ દામજી શાહ પરિવાર, ગઢશીશા – ઘાટકોપર
  હ. ચંદ્રકાંત દામજી શાહ
- માતુશ્રી કસ્તુરબેન રવીલાલભાઇ ઠાકરશી સંગોઇ, પુનડી – દાદર
- માતુશ્રી નિર્મળાબેન ઉમરશી લધાભાઇ ગંગર, નાગલપર–માટુંગા
- શેઠશ્રી વિરાટભાઇ સેવંતીલાલ ચુનીલાલ શાહ, માંડવી –માટુંગા
- માતુશ્રી રાજબાઇ લક્ષ્મીચંદ ધારશી મોતા, લાખણીયા–વડાલા
- માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા રાપર ગઢવાળી – મુંબઇ
- માતુશ્રી મધુરીબેન કિરીટભાઇ લાપસીયા, રવા (કચ્છ)–ચેમ્બુર
  હ. રિતિકા ઉદય લાપસીયા,

**અતિથિ ગૃહના હોલના દાતા**

- પૂ. સાધ્વી શ્રી નિરંજનાશ્રીજી મ.સા. વિદુષી સા.પુણ્યોદયશ્રીજી મ.સા. ની પુન્ય સ્મૃતિમાં પૂ. સા.વિપુલગુણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ગુરૂભક્તો તરફથી
- માતુશ્રી હીરાકુંવર નાનજી ચાંપશી શાહ, ખ્યાતીનમઃ ફાઉન્ડેશન – મેરાઉ–બાન્દ્રા
- માતુશ્રી રમીલાબેન સુર્યકાન્ત વીશનજી છેડા, જસાપર–આદીપુર, હ. જસ્મા હરિન છેડા, હિતેન છેડા, સૌ. અલ્પા પ્રતાપ મોતા, સૌ. રક્ષા પદમ નાગડા, મોહિત–દેવ–રોનક–જીત
- માતુશ્રી દમયંતીબેન માણેકજી છેડા, જલગાંમ –જસાપર, હ. કલ્પેશ માણેકજી છેડા
- શ્રીમતી નવલબેન ભાણજી માણેક પાસડ, શેરડી –મુલુન્ડ
  હ. જયશ્રી મહેન્દ્ર, પ્રીતી પ્રકુલ પાસક વિરલ તથા પ્રણય, પ્રિયાંક, શ્રેયા
- સંઘમાતા અ.સૌ.દમયંતીબેન મુરજી રતનશી ગડા, નાના રતડીયા – મુલુન્ડ
- શ્રીમતી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા, વારાપધર – વાપી
- માતુશ્રી સાકરબેન કુંવરજી વિશરીયા, બાડા – પવઇ મુંબઇ
- માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા, વરાડીયા –માટુંગા
- અ.સૌ. પુષ્પાબેન વિનોદ દેવરાજ ગંગર પરિવાર, ગોધરા –વડાલા
- માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી કાનજી ગંગર, ચુનડી – માટુંગા

## સમારોહ માં પધારનાર અતિથિઓ તથા મહાનુભાવો

| | | |
|---|---|---|
| • શ્રીમાન શામજીભાઇ નરશી દંડ | સાંધવ | મુલુન્ડ |
| • શ્રીમાન નયનભાઇ અશોક ભેદા | વારાપધ્ધર | મુલુન્ડ |
| • શ્રીમાન કિરીટભાઇ લક્ષ્મીચંદ લાપસીયા | રવા | ચેમ્બુર |
| • શ્રીમાન રાયચંદભાઇ હંસરાજ ધરમશી | સુથરી | વરલી |
| • શ્રીમાન હીરાચંદભાઇ અરજણ પટેલ | બાંઢિયા | ઐરોલી (વાસી) |
| • શ્રીમાન લક્ષ્મીચંદભાઇ ધારશી મોતા | લાખણીયા | વડાલા |
| • શ્રીમાન કલ્પેશભાઇ માણેકજી મોતા | રાપર ગઢવાળી | ઘાટકોપર |
| • શ્રીમાન ચીમનભાઇ મેઘજી મોતા | વારાપધર | મુલુન્ડ |
| • શ્રીમાન પ્રવીણભાઇ હંસરાજ લોડાયા | આરિખાણા | મુલુન્ડ |
| • શ્રીમાન મણીકાંતભાઇ મેઘજી મોમાયા | વરાડીયા | હૈદરાબાદ |
| • શ્રીમાન નરેન્દ્રભાઇ શામજી દંડ | તેરા | મુલુન્ડ |
| • શ્રીમાન વિરેન્દ્રભાઇ ભવાનજી લોડાયા | નલીયા | ડોમ્બીવલી |
| • શ્રીમાન હીરાચંદભાઇ મેઘજી મોતા | વડસર | મુલુન્ડ |
| • શ્રીમાન મણીકાંતભાઇ હિરજી ઘુલ્લા | જખૌ | મુલુન્ડ |
| • શ્રીમાન ભુપેનભાઇ જવેરચંદ ખીમજી મોમાયા | ડુમરા | મુલુન્ડ |
| • શ્રીમાન લક્ષ્મીચંદભાઇ કુંવરજી દેઢિયા | મેરાવા | ગાંધીધામ |
| • શ્રીમાન રવિલાલભાઇ ઠાકરશી સંગોઇ | પુનડી | દાદર |
| • શ્રીમાન રસીકભાઇ નાનજીભાઇ દેઢિયા | મેરાવા | બાન્દ્રા |
| • શ્રીમાન સમિરભાઇ લક્ષ્મીચંદ નાગડા | નલીયા | ઘાટકોપર |
| • શ્રીમાન કેશવજીભાઇ માણેકજી ગડા | નાના રતડીયા | મુંબઇ |
| • શ્રીમાન ઠાકરશીભાઇ કેશવજી ગડા | નાના રતડીયા | મુંબઇ |
| • શ્રીમાન મોતીચંદભાઇ લાલજી ખોના | નલીયા | મુલુન્ડ |
| • શ્રીમાન ચંદ્રકાંતભાઇ દામજી શામજી શાહ | ગઢશીશા | ઘાટકોપર |
| • શ્રીમાન ભાગચંદભાઇ દામજી જૈન | કોઠારા | મુલુન્ડ |
| • શ્રીમાન જયંતભાઇ ભવાનજી સોની | સુથરી | જુહુ |


### શ્રી ક.દ.ઓ.જૈન જસાપર મહાજન ના ટ્રસ્ટીઓ

શ્રી મોતીલાલ ભવાનજી ધરમશી — શ્રી કલ્પેશ માણેકજી છેડા

શ્રી સોમચંદ કુંવરજી મોતા — શ્રી હિરેન લખમશી ધરમશી

શ્રી ગૌતમ ગીરીશ ધરમશી



શુભ સ્થળ

## શ્રી ક.દ.ઓ.જૈન જસાપર મહાજન

ગામ જસાપર, પોસ્ટ : નલીયા, તા. અબડાસા, કચ્છ-૩૭૦ ૬૫૫.
કચ્છ : ૦૯૪૨૭૨ ૭૪૭૦૦ મુંબઇ : ૦૯૮૬૯૧ ૨૧૬૬૬

ACCURATE : 98252 41741

## સ્વ. પ્રેમચંદ પદમશી મોતા, નાંદેડ (કચ્છ - તેરા) ને સ્મરણાંજલિ



આર્થિક સ્થિતિ સામાન્ય પરંતુ પોતાના વિચાર, વાણી, વર્તન અને કર્તવ્યનિષ્ઠાથી સમાજમાં છવાઈ જવાનું જલવંત ઉદાહરણ સ્વ. શ્રી પ્રેમચંદ મોતા, નાંદેડ.

નાંદેડ જ્ઞાતિ અને સમાજના વિવિધ ક્ષેત્રના દરેક કાર્ય અને પ્રસંગમાં ખુબજ સક્રીય ભક્તિ ભાવના, પ્રાર્થના ગીત સંગીત, સાંજી, સન્માન સમારંભ, વ્યાખ્યાન, વરઘોડા, શોભાયાત્રા સહિત તમામ કાર્યક્રમમાં તેમની હાજરીથી જાગરૂકતા છવાઈ જતી. દરેક પ્રસંગમાં સમયના પાબંદ. સમય ચુક થાય તો જરૂર ટકોર કરે. કોઈની પણ શેહ દબાણ રહિત પોતાના સ્પષ્ટ, સ્વતંત્ર, નિખાલસ વિચાર ધરાવતા અને વ્યક્ત કરતા.

મધ્ય વયે ધર્મ પત્ની અને ઢળતી ઉંમરે યુવા એકમાત્ર પુત્રના અવસાન થકીના ખુબજ ઊંડા આઘાતને સહજતાથી જીરવી, પોતાની સમાજ પ્રત્યેની પ્રવૃતિઓમાં કયાંય ઓટ વર્તાવા દીધી નહિં. ગત પર્યુષણ પર્વની ઉજવણી દરમ્યાન મને તેમની કાર્યશક્તિનો પ્રત્યક્ષ અનુભવ થયો.

નુતન યુવા કાર્યકરો તૈયાર થાય એ માટે સદા પ્રયત્નશીલ રહેતા અને તેમનો હંમેશ માર્ગદર્શન અને દોરવણી આપતા. આવા કર્મઠ, નિષ્ઠાવાન, જાગૃત, સમાજ સેવક અને કાર્યકર તથા ધર્મ, જ્ઞાતિ, સમાજ, દેશ માટે ગૌરવ ધરાવવા સાથે તેના ઈતિહાસના જાણકાર એવા પ્રેમચંદભાઈ મોતાના ૧૬.૨.૨૦૧૪ના નિધનથી નાંદેડની જ્ઞાતિ અને સમાજને ઊંડી ખોટ પડી છે જે નિશંક લાબાં સમય સુધી વર્તાશે. સમસ્ત જ્ઞાતિએ પણ એક ઉમદા કાર્યકર ગુમાવેલ છે.

૭૪ વર્ષનું આયુષ્ય ભોગવી પ્રેમચંદભાઈ એ વિદાય લીધી છે. તેમનો શાશ્વત આત્મા જ્યાં પણ હોય ત્યાં સુખ શાંતિ પામી વહેલી નકે પરમપદ પામે એજ અભ્યર્થના.

***- મહેન્દ્ર દેવજી ખોના, મુંબઈ***

## ક્રોધ.. નિયમ... પરિવર્તન.. ફળ?

એક ડોસો હતો..... ધાર્મિક વૃત્તિવાળો હતો. પણ સ્વભાવે ખૂબ જ ક્રોધી. ઘરમાં અને સંઘમાં બધા તેનાથી ફફડે... કોઈ એમને વતાવે નહિ. ઘરમાં જમવા બેસે ત્યારે સ્મશાન જેવી શાંતિ છવાઈ જાય... આ ડોસો એક દિવસો પાલીતાણાની જાત્રાએ ગયો. દાદાના દર્શન કરી નીચે આવ્યો ત્યાં કોઈ મહાત્મા મળ્યા. મહાત્માએ કહ્યું કે ‘‘ભાઈ! દાદાની જાત્રા કરી... પણ કોઈ નિયમ લીધો કે નહિ!’’ ડોસાએ ‘‘ના પાડી. ત્યાં બાજુમાં ઊભેલા કોઈ સ્વજને મહાત્માના કાનમાં કહ્યું કે ‘‘સાહેબ તે સ્વભાવે ખૂબજ ક્રોધી છે. તેથી ક્રોધ ઓછો કરે એવું કાંઈક કરો,’’ મહાત્માએ સમજાવીને ક્રોધ નહિં કરવાની પ્રતિજ્ઞા કરાવી... ડોસો જાત્રા કરીને ઘરે આવ્યો...

બીજા દિવસે જમવા બેઠા છે ત્યાં નાની વહુના હાથે ઘીની વાટકી ઢોળાઈ ગઈ. વહુ તો ધ્રુજવા લાગી. હમણાં સસરાજીનું બોઈલર ફાટશે. પણ સસરા તો ચુપચાપ જમીને ઊભા થઈ ગયા. ઘરના માણસો તો સ્તબ્ધ થઈ ગયા. સસરાજીનો બદલાયેલો સ્વભાવ જોઈને વહુઓ તેમની ખુબ ભક્તિ કરવા લાગી... સંઘમાં પણ લોકો પ્રશંસા કરવા લાગ્યા...

એકવાર તેમની ભત્રીજાએ કાકાની પરીક્ષા કરવાનો વિચાર કર્યો. તેણે પોતાને ઘરે જમણ રાખ્યું. બધાને આમંત્રણ આપ્યું પણ કાકાને ત્યાં આમંત્રણ ન આપ્યું છતાં એ કાકા સામે ચડીને જમવા ગયા. જમવા બેઠા ત્યાં ભત્રીજાએ આવીને કાકાનો તિરસ્કાર કર્યો છતાં પણ કાકા જરાયે ગુસ્સે ન થયા. છેવટે કાકાના પગમાં પડીને માફી માંગે છે અને તેમની ખૂબ પ્રશંસા કરે છે.

ક્રોધ - કષાયના ત્યાગથી ડોસાનું જીવન ધર્મમય બની ગયું.

***- સંકલન : લક્ષ્મીચંદ ચાંપશી દંડ (જિનાજ્ઞા)***


**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786

# સ્વયં સ્વસ્થ બનો - સ્વાનુભવનો ગુલાલ

Slow, Steady, Controlled, Conditioned, Attractive, Rhythmic, Pleasurable, Least exerting મંદ, સુસ્થિર, સુનિયંત્રિત, સુબદ્ધ, આકર્ષક, લયબદ્ધ, આનંદદાયક/સુખકર, પરિશ્રમ રહિત....

વાચક મિત્રો, ઉપરોક્ત શબ્દો મધુર સ્વરે સાંભળવા છે? તો આવો, મૈત્રીની યાત્રા લઈને ભારત ભ્રમણે નીકળેલ મૃદુભાષી, રાષ્ટ્ર અને પર્યાવરણ પ્રેમી, સૌમ્ય અને શિસ્તબદ્ધ સ્વભાવી, યોગ અને પ્રાકૃતિક ચિકિત્સાના ગહન અભ્યાસી ડો. ગીતાબેન જૈનના સથવારે.....

હું સને ૧૯૮૭થી ભચાઉ કચ્છ ખાતે ખાનગી તબીબી વ્યવસાય કરું છું. સને ૨૦૦૧ ના ભયાનક ભૂકંપ પછી સન ૨૦૦૪માં બાળકોના અભ્યાસાર્થે ગાંધીધામ રહેવા જવાનું થયું. અમે શ્રી કેતનભાઈ દેઢીયાના મકાનમાં ઉપરના માળે રહેતા.

વ્યવસાય ભચાઉજ હતો. હું રોજ આવ - જા કરતો. સને ૨૦૦૮ના જાન્યઆરી માસમાં મને કેતન ભાઈએ કહ્યું'' ડો. સાહેબ, આપણે ત્યાં યોગ શિબિર થાય છે. તેમાં જોડાઓ.'' મેં કેતનભાઈનેજવાબ આપ્યો, ''કેતનભાઈ, હું શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલયનો વિદ્યાર્થી છું. મેં ત્યાં ધો. ૬ થી ૧૨ સુધી અભ્યાસકર્યો છે. દરરોજ સવારે એક કલાકનો સમય નિયમિત રીતે વ્યાયામ, કસરત, યોગ અને વિવિધ રમતો માટે ફરજીયાત હતો. ત્યાર બાદ રોટરી ક્લબ ભચાઉ દ્વારા બે વાર અલગ અલગ યોગગુરૂઓની શિબિરનું આયોજન કરેલ છે. શ્રી રામદેવજી મહારાજની શિબિરમાં પણ બે વાર હાજરી આપેલ છે. હું લગભગ વર્ષના ચાર -પાંચ માસ કસરત તથા આસાનો કરું છું.'' કેતનભાઈએ વળતો વાર ક્ર્યો, ''આપે ભલે ગમે તેટલી શિબિર ભરી હોય, આ ડો. ગીતાબેન જૈનની મનોયોગના અભ્યાસની શિબિર છે. બે દિવસ આવો. આપને મજા ન આવે, તો આવવાનું બંધ કરી દેજો.'' મારા જ આશ્ચર્ય વચ્ચે મેં પુરા દસ દિવસ શિબિર ભરી. ભચાઉ રોજ અડધો કલાક મોડો પહોંચતો. છતાં શિબિર પુરી કરી. મારો કસરત અને શરીરના વ્યાયામ પ્રત્યેનો આખો અભિગમ બદલાઈ ગયો. વર્ષમાં ચાર - પાંચ માસ કસરત અને યોગ કરતો, હવે નિયમિત યોગ અને પ્રાણાયામનો અભ્યાસી બની ગયો છું.

ડો. ગીતાબેન જૈનની યોગ અને પ્રાકૃતિક જીવન જાગૃતિ શિબિર ૧૦ દિવસની હોય છે. રોજ અઢી કલાક હોય, તેમાં મહર્ષિ પાતાંજલિએ બતાવેલ અષ્ટાંગ યોગનો ગહન અને વિસ્તૃત અભ્યાસ કરાવવામાં આવે છે. રોજ કરવા જોવા જરૂરી આસનોનું આબેહુબ નિર્દેશન આપીને એમના સહયોગી એવા મિલનસાર સ્વભાવી, સેવાનો ભેખધારી શ્રી દિપકભાઈ જાનીના પ્રાત્યક્ષીકરણ દ્વારા સાધકોને જાતે કરાવવામાં આવે છે. પ્રાણાયામનો પણ ઉડો અભ્યાસ કરાવવામાં આવે છે. પ્રાકૃતિક ચિકિત્સાની સમજ સાથે સહેલાઈથી થઈ શકે તેવા ઘરેલુ નુસખાઓની માહિતી પણ આપવામાં આવેછે. આપણને ક્યાંય ન મળ્યું હોય તેવું ઉપરોક્ત તમામ વિષયોનું અદભુત જ્ઞાન આ શિબિરમાં મળે છે.

મન અને શરીરનું મિલન (યોગ) કરાવવામાં આવે છે. જૈન ધર્મમાં યોગનું મહત્વ છે. આપણા તિર્થંકરો પણ ધ્યાનના બળે જ આગળ વધ્યા હતા. જન્મે જૈન ગીતાબેનમાં આ ધર્મભાવના અને આધ્યાત્મિક યોગદર્શન ગળથુંથીમાં જ મળેલ હોઈ, એમની સાથે કરવામાં આવતો યોગાભ્યાસ ગજબનો આત્મવિશ્વાસ જગાવી જાય છે.

ભચાઉમાં ઘણા બધા લોકો યોગાભ્યાસના કાયમી અભ્યાસી બની ગયા છે. દરેક શિબિરમાં જુના શિબિરાર્થીઓની પ્રેરણાથી જ નવા નવા ઘણા લોકો લાભ લઈ રહ્યા છે. દરેક શિબિરમાં ૧૫૦ થી ૧૭૦ ભાઈ બહેનો લાભ લેતા થયા છે.

મિત્રો, આપ જો કોઈ સ્વયંસેવી સંસ્થા, મંડળ સંગઠન કે ધાર્મિક સંસ્થાનાં હોદેદાર કે સભ્ય હો તો આપને ડો. ગીતાબેન જૈન કે જે નિઃસ્વાર્થ ભાવે યોગાભ્યાસ કરાવે છે તેમની શિબિરનું આયોજન કરવામાટે અપીલ કરું છું. આપ પણ તેમાં જોડાઓ અને આપના સગા -સબંધી, મિત્રો, હિતેચ્છુઓને જોડાવવા માટે અચુક પ્રેરણા આપો. તેમની નવ શિબિર ભર્યા પછી આપને ખાત્રી આપું છું કે આપ આ શિબિરમાં જેને પણ જોડાવવા માટે પ્રેરણા આપશો તે વ્યક્તિ યોગાસન અને પ્રાણાયમનો નિયમિત અભ્યાસુ બની જશે અને જીંદગીભર આપ તેમના કલ્યાણ મિત્ર બની રહેશો.

***- ડો. શૈલેશ કે શાહ ભચાઉ (કચ્છ)***

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી પાર્શ્વથાળ પુજન

ગદગના ક.દ.ઓ. જૈન દેરાસરનાં શતાબ્દી મહોત્સવ નિમિત્તે દર મહિનાની વદ ૧૦ તિથિએ પૂજા અનુષ્ઠાન કરાવવાનું નિશ્ચિત કરાયું છે. એ મુજબ રવિવાર તા. ૨૬.૦૧.૨૦૧૪ ના શ્રી પાર્શ્વથાળ પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારનાં શ્રી સ્નાત્રપુજા તથા શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા સાજ - સંગીત સાથે ભણાવવામાં આવી હતી. આરતી - દિવો તથા શાંતિકળશના લાભાર્થી નીચે મુજબ હતા. : આરતી : શા. લાલજી માણેકજી લોડાયા : ૧૨૫ મણ, દિવો : શા. ડુંગરશી દામજી છેડા : ૧૨૩ મણ, શાંતિકળશ : શા. પદમશી ઘેલાભાઈ મોતા : ૧૭૧ મણ. થાળ માટેની સામગ્રી ભાવિકો તરફથી ધરાવમાં આવી હતી. પૂજા સંપન્ન થયા બાદ મહાજનશ્રી તરફથી શ્રીફળની પ્રભાવના અપાઈ હતી.

## છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ - રાયપુર

દિ. ૧૫.૧.૧૪ ને રવિવારના યુવા મંડળ દ્વારા સવારના શ્રી કુંથુનાથ જિનાલયમાં સ્નાત્ર પૂજા કરાવવામાં આવેલ. યુવાઓની સાથે સમાજના અન્ય સભ્યોની પણ સારી હાજરી હતી.

નવકારશીના લાભાર્થી માતુશ્રી નિર્મલાબેન વીરચંદ છેડા પરિવાર (સુજાપુર - રાયપુર) હતા.

એન. આર. જી. ફાઉન્ડેશન, રાયપુર દ્વારા આયોજીત ગુજરાત પ્રીમિયર લીગ રાત્રિકાલીન ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન તા. ૨૫.૧.૨૦૧૪થી તા. ૩૧.૦૧.૨૦૧૪ સુધી થયેલ. આપણા ક.દ.ઓ. સમાજના યુવાઓ એ સ્પર્ધામાં ભાગ લીધેલ અને સરસ પ્રદર્શન કરેલ.

ટુર્નામેટ પ્રોત્સાહન અને સ્વાગત સમિતિમાં આપણા સમાજના શ્રી પ્રવિણભાઈ મૈશેરી અને આયોજન સમિતિમાં શ્રી ચંદ્રેશ શાહ અને અમિત મૈશેરી હતા.

આ ટુર્નામેન્ટમાં રાયપુરના ગુજરાતી સમાજોની ૭૬ ટીમો એ ભાગ લીધેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ, ગાંધીધામ દ્વારા સ્પોર્ટસ્ ડે ઉજવાયો

સાર્થક રમાડશે... કે.ડી.ઓ. જીતાડશે... ના સુત્ર હેઠળ શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન યુવક મંડળ - સાર્થક, ગાંધીધામ દ્વારા રવિવાર તા. ૨૩ મી ફેબ્રુઆરીના રોજ ગુરૂકુલ, ગાંધીધામ મધ્યે સ્પોર્ટસ ડે અંતર્ગત બૃહદ ગાંધીધામ વિસ્તારમાં વસતા જ્ઞાતિજનો માટે ક્રિકેટ મેચ તથા નાના - નાના બાળકો અને બહેનો માટે વિવિધ સ્પર્ધાઓ પણ યોજાયેલ હતી.

આ કાર્યક્રમના મુખ્યદાતા તરીકે શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ પરિવાર હા. શ્રીમતી સીમાબેન લબ્ધીકુમાર મોમાયા, ગ્રાઉન્ડ, સાઉન્ડ તથા મંડપના સૌજન્ય દાતાશ્રી હિમ ઈલેક્ટીકલ હા. શ્રી વિજયભાઈ જવેરચંદ મુનવર અન્ય સહયોગીદાતા સર્વ શ્રી તરંગ વિશાલ લાલકા હા. શ્રી પદમશી લખમશી લાલકા, શ્રી ડો. મધુકાન્ત રતનશી ધરમશી હા. મિતેશભાઈ ધરમશી, શ્રી મધૂકાન્ત જવેરચંદ લોડાયા, રજત લોજીસ્ટીક્સ હા. નિલય દંડ, સંદિપ શાહ, ક્રિકેટ મેચની કેપના સૌજન્ય દાતાશ્રી ધી વોરીયર્સ ગ્રુપ, હા મિતેશ મોતા, વિપુલ લાલકા, કેતન લોડાયા, જીગર મૈશેરી, ધવલ લોડાયા તથા કચ્છ એકમ અને જ્ઞાતિ મહાજનના સહકારથી આ કાર્યક્રમ પાર પાડવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજરી આપી અને ઉત્સાહ વધારેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળના પ્રમુખ મિતેશ મોતા, માનદમંત્રી કેતન લોડાયા, કન્વીનર શ્રી હાર્દિક નાગડા, સહ - કન્વીનર મયુર ધરમશી અને અમિત નાગડા તેમજ કારોબારી સભ્યો, સલાહકારો વિગેરેએ જહેમત ઉઠાવી હતી. દાતા પરિવારના હસ્તે વિજેતાને ટ્રોફી તથા મેડલ અર્પણ કરવામાં આવેલ. દાતા પરિવાર, જ્ઞાતિ અગ્રણીઓ તથા જ્ઞાતિના ભાઈઓ - બહેનો તથા

નાના બાળકોનો મંડળ વતી ખજાનચી જીગર મૈશેરીએ આભાર માન્યો હતો.

### ક.દ.ઓ. મહિલા મંચ અમદાવાદ

કચ્છી દશા ઓસવાલ મહિલા મંચ અમદાવાદએ બે દિવસીય યાત્રાનું આયોજન કરેલ. તા. ૨૧.૦૨.૧૪ ના રોજ રાત્રે બસ દ્વારા દંતાણી તરફ પ્રયાણ કરેલ. તા. ૨૨.૨ ના દંતાણી પહોંચી નવકારસી, સેવાપુજા, સ્નાત્રપુજા કરેલ. ત્યાંથી જીરાવલ્લામાં બપોરનું જમણ, દેવદર્શન કર્યા બાદ વરમાડમાં દેવ દર્શન, ભેરૂતારક સાંજે ચોવિહાર કરેલ. રાત્રી રોકાણ દંતાણીમા રાખેલ.

તા. ૨૩.૨ ના સવારના સમુહ જાપ કર્યા તેમાં લક્કી ડ્રો રાખવામાં આવેલ, ત્યાંથી કેવલ બાગના દર્શન કરેલ. પાવાપૂરીમાં સેવા પુજા તથા બપોરનું જમણ, ત્યાંથી બામણવાડા પહોંચેલ. સાંજે ચોવિહાર પછી અમદાવાદ તરફ પ્રયાણ કરેલ. ગુણવંતીબેન દંડ, માલાબેન ધરમશી, રાજુલાબેન મોમાયા, શશીબેન ખોના, વિજયાબેન ખોના, મનીષાબેન લોડાયા, વિજયાબેન લોડાયા આદિ એ મુખ્ય દાતા તરીકે સહકાર આપેલ.

તા. ૨૨.૨ના રોજ સવારની નવકારશી લક્ષ્મીબેન ખત્રી, બપોરનું જમણ - દિવ્યાબેન છેડા, બપોરની ચા - તારાબેન લોડાયા, સાંજનું ચૌવિહાર - જવેરીબેન છેડા.

તા. ૨૩.૨ના સવારની નવકારશી - રમીલાબેન છેડા, બપોરનું જમણ - લીલાંવતીબેન ભારાણી, બપોરની ચા- સુશીલાબેન સોની, સાંજનું ચૌવિહાર - ગુણવંતીબેન દંડ.

કુલ ૭૦ જણા યાત્રા પ્રવાસમાં જોડાયેલ. મહિલા મંચ તરફથી ઘર દિઠ ટ્રાવેલિંગ બેગ આપવામાં આવેલ તથા દરેક વ્યક્તિને રૂા. ૫૦નું સંઘપુજન કરવામાં આવેલ. સમગ્ર યાત્રા પ્રવાસમાં ગુણવંતીબેન દંડ, મીરા ધરમશી, સુશીલાબેન મૈશેરી, દિપા લોડાયા, નિહારીકા છેડા, ભુમિકા છેડા, ભાવના ભારાણી તથા રશ્મિ ખોના એ ખુબજ મહેનત કરી હતી.

### શ્રી પદમ મુક્તિ વાત્સલય નિધિ ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પુ.શ્રી જયલક્ષ્મીશ્રીજી.મ.સા.ની પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવેલ તેમજ પ.પુ.શ્રી જયદર્શિતા શ્રી.જી.મ.સા.ના આશિર્વાદથી અને માર્ગદર્શને ટ્રસ્ટના કાર્યો સરળતા પુર્વક પાર કરે છે. ટ્રસ્ટ ગરીબોને ભોજન કરાવવાનું અનાજ વિતરણ, વૈદ્યકિય જેવા કાર્યો કરે છે.

**દર બુધવારના ગરીબોને ભોજન કરાવનાર કાયમિતિથિના દાતાઃ** શા. રતનશી વાલજી ગડા, શ્રી શાંતિનાથ જિનાલય પારોલા ટ્રસ્ટ (સાર્ધ શતાબ્દી મહોત્સવ સમિતી (પરોલા), ગુણવંતીબેન દિનેશ શાહ (મુલુન્ડ - મંજલ રેલડિયા), કુંવરબાઈ આસારિયા લોડાયા (હસ્તે - લક્ષ્મીબેન ગુલાબચંદ શાહ અંકલેશ્વર - રવા), શા. વિરચંદ શિવજી ખોના (હસ્તે લીલાબાઈ વિરચંદ ખોના - હુબલી), શા. દલેશભાઈ જવેરચંદ મોમાયા (જન્મદિવસ નિમિત્તે - ચાલીસગામ), શા વેલજી રવજી પોલડીયા (લુણી), માતુશ્રી ચંપાબેન લાલજી દેવજી મૈશેરી (હસ્તે - દિપક કિરણ મૈશેરી-યુ.એસ.એ), ચંપાબાઈ જીવરાજ કાનજી લોડાયા (બીડ).

### શ્રી ક.દ.ઓ. મહિલા મંચ ખામગાવ/શેગાંવ

નવેમ્બરમાં સૌ. વર્ષાબેન લોડાયાના અધ્યક્ષપદે દિવાળીમાં ગરજુ - ગરીબોને દરવર્ષની જેમ આ વરસે પણ કપડાનું વિતરણ કરવામાં આવેલ.

૨૫ ડિસેમ્બરના ઋષિસંકુલમાં મહિલા મંચની પીકનીકનું આયોજન કરવામાં આવેલ, જેમાં મંડળના સેક્રેટરી શ્રીમતી પ્રવીણાબેન દંડ દ્વારા વિવિધ ગેમ્સ રમાડવામાં આવેલ. જેમ પીક્ચરની પેપર ગેમમાં પ્રથમ સૌ. સોનમ વિકમશી અને દ્વિતીય સૌ. અશ્વીની વિકમશી રહેલ. ટોપી ફેરવાની જોડી ગેમમાં પ્રથમ સૌ. પુષ્પાબેન મોમાયા અને સૌ. જ્યોત્સનાબેન દંડ રહેલ. વિજેતાઓને ઈનામ અધ્યક્ષ અને સેક્રેટરી તરફથી આપવામાં આવેલ.

૨૬મી જાન્યુઆરીના મંચની મીટીંગમાં સૌ. સોનમબેન અંકુર વીકમશી દ્વારા ચોકલેટ કેક અને મારી બીસ્કીટની બ્રાઉની કેમ બનાવવી તેનું ડેમોન્સ્ટ્રેશન અપાયેલ પ્રસ્તાવના સૌ. કવિતાબેન જયેશ નાગડા અને આભાર પ્રદર્શન સૌ. સીમાબેન ચંદ્રેશ લોડાયાએ કરેલ.

### શ્રી લાલા - સાંધવ દંડ પરિવારના શ્રી ગજોડવાલા દાદાની પંચમ પહેડી

શ્રી લાલા - સાંધવ દંડ પરિવારના શ્રી

ગજોડવાલા દાદાની પંચમ પહેડી ધામધુમથી તા. ૨૩.૨.૧૪ રવિવારના પૂર્ણ થયેલ. બન્ને ગામની નીયાણી બહેનોના પરિવારોએ હાજરી આપેલ.

પહેડીના લાભાર્થી પરિવારોઃ શ્રી શામજી નરશી દંડ, શ્રી નવીન હીરજી દંડ, શ્રી ગોવિંદજી (મંગલભા) ખીમજી દંડ, શ્રી હિરાચંદ નરશી દંડ, શ્રી મણીલાલ પદમશી દંડ હતા. સર્વ લાભાર્થી પરિવારોનું બહુમાન કરવામાં આવેલ. શ્રી શામજી નરશી દંડ નું શ્રી અખીલ ભારત અચલગચ્છ સંઘના પ્રમુખ તરીકે ચુંટાયા તે બદલ તેનું સન્માન કરવામાં આવેલ. તેમજ શ્રી લાલાના શ્રી નવીન હીરજી દંડ (વેરાવળવાળા) નું તેઓ શ્રી વેરાવળ મેકેન્ટાઈલ બેંકનાં ચેરમેન તરીકે નિમણુક થવા બદલ સન્માન કરવમાં આવેલ. ચિ. ચેતનાબેન હરીયાની સંગીત પાર્ટીએ પહેડી પ્રસંગોચિત ગીતોની - રાસગરબા સાથે રમઝટ બોલાવી પેહડી માં આનંદમય વાતાવરણ સર્જાયું હતું.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સુરત પાવાગઢ યાત્રા

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન દ્વારા તા.૨.૩.૧૪ના પાવાગઢ યાત્રા પ્રવાસ યોજાયેલ.

નીચે મુજબના પરીવારોનું અનુદાન રહેલઃ બસભાડાના લાભાર્થી માતુશ્રી કસ્તુરીબેન વાલજી ગોસર (ગોએસરમા) પરિવાર, સવારની નવકારશીના લાભાર્થી માતુશ્રી કોકીલાબેન પ્રભુલાલ ખોના (મોટી ખાવડી) પરિવાર, સવારના જમણવાર - જીપભાડા, પાણીના લાભાર્થી માતુશ્રી લક્ષ્મીબેન વસનજી છેડા પરિવાર નલીયા. રોપવે ભાડાના લાભાર્થી માતુશ્રી જયશ્રીબેન જેઠાલાલા ખોના (ગોરખડી) પરિવાર સાંજના ચા- પાણી - નાસ્તાના લાભાર્થી માતુશ્રી કુંવરબાઈ હીરજી છેડા (જસાપર) પરિવાર, સાંજના જમણવારના લાભાર્થી શ્રી અરૂણભાઈ પાશ્વીર ધરમશી (તેરા) પરિવાર.

યાત્રા પ્રવાસની સફળતા માટે શ્રી સુનીલભાઈ ખોના, શ્રી મનોજભાઈ ગોસર, શ્રી મીકેશભાઈ છેડા, શ્રી ડોલરભાઈ છેડા, શ્રી સાગરભાઈ ધરમશી, બસ માટે મહેન્દ્રભાઈ શાહ, નવકાશી માટે અણસ્થુતીર્થના કર્યાકરો, બપોરના ભોજન માટે પાવાગઢ જૈન દેરાસરના કાર્યકર્તાઓ, બપોરના ચાપાણી માટે ગઢવીભાઈ તથા સાંજના જમણવાર માટે વડોદરાના પ્રખ્યાત ભાઈ ભાઈ દાબેલી વાળા ધવલભાઈ રાજેશભાઈ નાગડા તથા સંગીત માટે કેશવભાઈ પાર્ટીએ ખુબજ સુંદર સાથ સહકાર આપેલ.

## શ્રી કચ્છી જૈન મહિલા મંડળ- કલકત્તા

આ વર્ષે કલકત્તા શ્રી કચ્છી જૈન મહિલા મંડળની ૫૦ મી વરસગાંઠ છે. સુર્વણ જયંતી વરસ ચાલે છે. સંઘમાતા મીરાબેન પ્રેમચંદભાઈ મોતાએશ્રી શત્રુંજય મહાતિર્થની યાત્રા કરાવી. કલકત્તાથી ૨૫ જણાં તા. ૧૫.૨.૧૪ના અમદાવાદ એક્સપ્રેસ એસી કરી અમદાવાદથી ટુ બાય ટુ બસમાં રવાના થઈ પાલીતાણા પહોચ્યાં. સર્વે ૨૧ ગામોની તીર્થ યાત્રા કરી. એ રીતે શંખેશ્વરમાં પાર્શ્વનાથ ભગવાનની નવ અંગે પુજા મળતાં સોનામાં સુંગધ ભળી ગઈ.

ધોળકા કલીકુંડ, નંદનવન (તગડી) અયોધ્યાપુરમ, પાલીતાણા, હસ્તગિરી, કદમગિરી, તળાજા, શત્રૂંજયડેમ, કિર્તીધામ, ગુણદોયધામ, શંખેશ્વર, હારીજ, કમ્બોઈ, ચાણસ્મા, મહેસાણા, ઉંઝા, મહુડી, બોરીજ, કોબાથઈ અમદાવાદ યાત્રા ખુબસરસ યાદગાર થઈ ગઈ.

કલકત્તાથી રવાના થતાં અને પાછા આવતાં રાયપુર, નાગપુર, બરોડા, જલગાંવ ગરમાગરમ જમવાનું લાવનાર અને તીર્થોમાં સાધર્મીક ભક્તિ કરાવનાર બહેનોનું મીરાબેને માળા નાળિયેર અને ચાંદીના સિક્કાથી બહુમાન કરેલ. યાત્રામાં વૈયાવચ્ચ કરનાર નયના - પ્રભા - કિર્તીનું કટાસણાં મહપત્તીથી બહુમાન કરેલ. ભારતીબેન લાલકા અને સ્મિતાબહેનનું ભરેલાં કટાસણાં મહપત્તિ અને ચાંદીના સિકકાથી બહુમાન કરેલ. સંઘમાતા મીરાબેન મોતા તરફથી યાત્રિક બેનોને જર્મન સિલ્વરની નકશીવાળી પુજાની થાળી - વાટકી અને એમના પરિવારે તરફથી પણ ઘણી સારી સારી પ્રભાવના થઈ. પુ. વડીલ વિજયાબાઈ દૌલતને ખાસ મળવા ઊંજા ગયા, ઊંઝા મહેસાણાં સાધર્મિક ભક્તિ ખુબ સરસ થઈ અને મસાલાના પેકેટની પ્રભાવના થઈ. એમનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. તા. ૨૩.૨.૧૪ ના યાત્રા પરિપુર્ણ કરી.

સંઘમાતા મીરાબેન પ્રેમચંદભાઈ મોતા તરફથી સિધ્ધગિરી યાત્રાનું આયોજન કરવામાં

આવ્યું હતું. યાત્રા સારી રીતે પરિપુર્ણ થઈ તે નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન મધ્યે મંડળ તરફથી સ્નાત્રપુજા અને અલ્પાહાર રાખવામાં આવ્યો હતો. શ્રી કચ્છી મહિલા મંડળ તરફથી મીરાબેનને માળા-નાળિયેર અને ચાંદીનુ વહાણ યાદગીરી રૂપે ભેટ આપી બહુમાન કરેલ. સૌ. દિપાલી મોતાનું પણ બહુમાન કરેલ. મીરાબેન તરફથી શ્રી કચ્છી મહિલા મંડળને રૂા. ૨૫૦૧ ભેટ મળ્યા. અમદાવાદ સ્ટેશને મુકેશભાઈ અને કિશોરભાઈ લાલકા તથા એમના પરિવારે ખુબ સાથ સહકાર આપેલ.

## શ્રી જૈન શ્વેતાંબર દહેરાસર - ખિરકિયા

ખિરકિયાના નમિનાથ જિનાલય તેરમી વર્ષગાઠ હર્ષોઉલ્લાસથી ઉજવાઈ.

તા. ૨૬.૨.૧૪ બુધવારના અઢાર અભિષેકનું આયોજન રાખવામાં આવેલ તથા તા. ૨૭.૨ના સત્તરભેદી પુજા ભણાવવામાં આવેલ. પુજા દરમ્યાન ધ્વજા ચડાવવાનો લાભ શ્રી જોગીલાલજી રાંકા પરિવારે ૩૩૩ મણમાં લીધું.

ધ્વજા પછી શ્રી સંઘ તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ. તથા રાત્રે ભક્તિ ભાવના રાખવામાં આવેલ. બધાએ ખુબજ હર્ષો ઉલ્લાસથી બધા કાર્યક્રમમાં ભાગ લીધો.

વિધિકાર તથા સંગીતકાર મલકાપુરથી રાજુભાઈ તથા તેમની પાર્ટી આવેલ.

બન્ને દિવસ સુંદર અંગરચના કુ વિશાખા નાગડા તથા ખુશ્બુ ભંડારીએ કરેલ. સૌરભ નાગડાએ જિનાલયને ખુબજ સુંદર સજાવેલ.

## ડુમરા ગામના નિયાણીબેનોને વિનંતી

ડુમરા ગામના નિયાણીબેનોને વિનંતી કે કૃપા કરી આપનું નામ, પુરું એડ્રેસ અને ફોન નં તથા કયા ગામે પરણેલા છો તેની વિગત ફોન નંબર પર લખાવવા વિનંતી. જેથી આવનારા પ્રસંગોની આપને આગેતરી જાણ પરિપત્રથી કરી શકાય. સંપર્ક - પ્રજ્ઞાબેન લખમશી ગાલા ૯૮૭૦૨૪૪૦૪૧.

## વારાપધરમાં ત્રિદિવસીય ભક્તિ કાર્યક્રમ

વારાપધર સ્વાધ્યાય પ્રેમી વાત્સલ્ય વારાધી પ.પુ. સાશ્રી અરૂણ પ્રભાશ્રીજી. મસા.ની. ૪થી પુણ્યતીથી નિમિત્તે તથા પ.પુ.સા.શ્રી દર્શાશ્રીજી મ.સા.ની. વિશચ્યા તપની પુર્ણાહતિ નિમિત્તે તથા પ.પુ.સા સ્થાનક શ્રી કલ્પરસાશ્રીજી મ.સા. પ.પુ.સા.શ્રી હિતદશાશ્રી.જી. મ.સા. તથા પ.પુ.સા.શ્રી યોગેદષ્ટિશ્રીજી મ.સા.ની. નિશ્રામાં તા ૧૪.૧.૨૦૧૪ પૌષ સુદ ૧૪ ના ગં.સ્વ. જમકુબાઈ દેવશી ગોસર તથા સ્વ. માતુશ્રી ભચીબાઈ પુરબાઈ આણંદજી નાગડા તરફથી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પુજા ભણવામાં આવેલ.

તા. ૧૫.૧.૧૪ પૌષ સુદ ૧૫ પુનમના શ્રીમતી જયાબાઈ હંસરાજ વિકમશી તરફથી ભક્તમર સ્નાત્ર પુજા કરવામાં આવેલ. વાંકુવાળા મણીલાલભાઈ તથા વારાપધરવાળા હેમલભાઈનું બહુમાન કરવામાં આવેલ. બપોરના સ્વામીવાત્સલ્ય માતુશ્રી તેજબાઈ લાલજી લોડાયા હસ્તે અરવિંદભાઈ તરફથી કરવામાં આવેલ.

તા. ૧૬.૧.૧૪ પૌષ વદ ૧ ના વિજયભાઈ વેલજી લોડાયા પુણ્યતીથી નિમિત્તે પરિવાર તરફથી નવાણું પ્રકારી પુજા ભણવામાં આવેલી. પ્રભુજીની ભવ્ય આંગી રચના કરવામાં આવેલ.

## શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ સાતમો વાર્ષિકોત્સવ તથા સ્નેહમિલન

શ્રી વરાડીયા જૈન મહિલા મંચ મુંબઈનો ૭ મો વાર્ષિકોત્સવ - સ્નેહમિલન રવિવાર, ૨.૨.૨૦૧૪ના શેઠશ્રી નરશીનાથા બેંક્વેટ હોલ, ભાંડુપ મધ્યે યોજવામાં આવેલ. અતિથિ વિશેષ હતા લતાબેન મણીકાંત મોમાયા. સંગાથે સૌ. હસુમતી હિરાલાલ ડાઘા તથા સૌ. ગીતાબેન વિનોદ ડાઘાએ દીપ પ્રજવલન તથા શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદાની છબીને માળારોપણ કરી કાર્યક્રમની શરૂઆત કરેલ. સૌ. લતાબેન મણીકાંત મોમાયાનું મહિલા મંચના કારભારી સભ્યોએ બહુમાન કરેલ. મંચના કારાબારી સભ્યોમાંથી સૌ આશાબેન દીપક ડાઘા તથા સૌ. બીનાબેન મધુકાંત મોમાયાની શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ ટ્રસ્ટનાં ટ્રસ્ટીપદે વરણી થયેલ તે બદલ મહિલા મંચ દ્વારા તેમનું બહુમાન કરવામાં આવેલ. કાર્યક્રમમાં હાજર રહેલા અન્ય ટ્રસ્ટીઓનું પણ મંચ દ્વારા સન્માન કરવામાં આવેલ. શ્રી રાજુ ઢોલી (વરાડીયા) તથા સાથી દારોના ઢોલ- શરણાઈના તાલે વરાડીયાવાસીઓ તથા નિયાણી બહેનોએ મન મુકીને વિવિધ રાંઘકરી. પ્રવક્તા તરીકે શ્રી રાહુલ ધૂલ્લાએ તથા તેમની સાથે ચેતન ડાઘાએ. હરીફાઈના નિર્ણાયક

# જ્ઞાતિના નામી કલાકાર સ્વ. કુસુમ બાબુભાઈ (હીરાલાલ) ધુલ્લા



થોડા સમય પહેલાં કીડની ફેલ જવાની બિમારીથી નામશેષ થયેલા કલાકાર કુસુમ બાબુભાઈ ધુલ્લા (તેરા-મુલુંડ) પોતાની આગવી પ્રતિભાથી તેમના પરિચિતો અને ચાહકોના હૃદયમાં આજેય જીવંત છે. કુસુમબેન શ્રી વર્ધમાન શામજી ખોના સુજાપુર-વાળાના દીકરીએ ઈ.સ. ૧૯૭૭ થી ૧૯૮૭ સુધીમાં મુંબઈ, બેંગલોર, દિલ્હી, કલકત્તા, અમદાવાદ, ઉદયપુર જેવા મુખ્ય કલાનગરોમાં પોતાની કલાના પ્રદર્શનો યોજી સારી નામના મેળવી હતી. કુસુમબેન ભારત સરકારની પારિતોષિક યાદીમાં આમેજ કરાયા હતા.

લગ્ન પછી મુલુંડમાં સ્થાયી થયા બાદ ઈન્ટેરીયર ડીઝાઈનર તરીકે ય સારી નામના મેળવી હતી. કુસુમબેનના કલા પ્રદર્શનો જોઈને કલા સમીક્ષકોએ નોંધ લીધી હતી કે તેઓ ભારતીય પરંપરાનો સમયોચિત રૂપ આપવા માટે પ્રયત્ન કરી રહ્યા છે અને તેનાથી તેમના ચિત્રોને એક વ્યક્તિતત્વ પ્રાપ્ત થયું હતું.

કુસુમબેન વ્યક્તિના વિવિધ મિજાજને પ્રતીકાત્મકરૂપે વિશિષ્ટ રંગોમાં ઝીલવામાં માહિર હતા. તેમાના કેટલાક ચિત્રો કોઈ ખાસ વિષય વસ્તુથી હટકે હતા પણ એમાંય તેમણે નિસર્ગ અને લેંડસ્કેપ (દ્રશ્યવલિ)નો સારો સુમેળ સાધ્યો હતો.

તેઓ લાંબા સમય સુધી બોમ્બે આર્ટ સોસાયટીની મેનેજીંગ કમિટી સાથે તથા જહાંગીર આર્ટ ગેલેરી સાથે સંકળાયેલા હતા.

જીવનના છેલ્લા છ વર્ષોમાં કીડનીની સમસ્યા વધુ ને વધુ ગંભીર થતી ગઈ, એ પછી પણ તેમની જિંદાદિલી જીવનની છેલ્લી ઘડી સુધી અકબંધ હતી.



**કુસુમબેનની વિશેષતાઓની પ્રતિનિધીક રચનાઓ**


શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઈમ્બતુર)

શુભેચ્છાસહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

તરીકે ફરજ નિભાવી હતી.

કાર્યક્રમ દરમ્યાન નવા ૧૨૦ સભ્યો બન્યા જેમને આકર્ષક ગીફટ આપવામાં આવેલ. લીલાબેન મધુકાંત મોમાયા તરફથી ગીફટ અપાયેલ. લકી ડ્રો અને હરીફાઈના ઈનામો મહિલા મંચની કારોબારી સમિતિ તરફથી મળેલ.

વર્તમાન કારોબારી સમિતિમાં સર્વશ્રી લીના મધુકાંત મોમાયા, પ્રિયા વિનોદ મોમાયા, આશા દીપક ડાઘા, ચિત્રા પદમ લોડાયા, શીતલ રતીલાલ મોમાયા તથા લીલાવંતી મેઘજી મોમાયા છે. મચં તરફથી વર્ષમાં પાંચ થી છ કાર્યક્રમો થાય છે. વરાડીયાની મહિલાઓએ તથા વરાડીયા પરિસરની નીયાણી બહેનોને મંચના સભ્યો થવા અનુરોધ છે. સંપર્ક : ૯૫૯૪૮૭૧૮૯૮, ૯૩૨૧૬૯૧૦૧૮

## ભાંડુપ

પ.પુ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા. ના સંયમજીવન અનુમોદનાર્થે પુ. સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના. હિતોપદેશે શ્રી ગોવિંદજી દેવજી મોમાયાના આત્મ શ્રેયાર્થે શ્રીમતી શોભનાબેન સહપરિવારે તા. ૯.૨.૧૪ના છેડા હાઈટ્સમાં પંચધાતુની ચોવીસી ઉછળતા ભાવે અર્પણ કરતાં ચિ. હિરેન અને ચિ. ધિરેન ઢોલ શરણાઈ અને બેન્ડ વાજાએ શોભા યાત્રા કરાવી. અ.સૌ. દિપ્તી અને અ.સૌ. મનીષાએ અનુકંપા દાને લાડવા આપ્યા ચિ. ઝુબીન અને ધીરે આમંત્રીત ૨૦૦ જણને નવકાશી કરાવી.

શોભના બહેને વરસીદાનો વરશ્યા. સ્વજનોએ તેઓશ્રીનું ઉચિત ગૌરવ કરી રૂા. ૫૦ ની પ્રભાવના કરી. આ પ્રસંગે સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના. મૌનગુણાશ્રીજી મ.સા.સાશ્રી. કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ઓની નિશ્રા સાંપડી.

## ખામ ગામમાં મહિલા ચેસ સ્પર્ધા

અત્રે ૯ માર્ચ ૨૦૧૪ના શ્રી અરજણ ખીમજી નેશનલ હાયસ્કુલ ચેસ અસોશિએશન અને નાગડા ક્લાસેસ તરફથી ભવ્ય ચેસ સ્પર્ધા આયોજીત કરવામાં આવેલ. એનું ઉદઘાટન મહારાષ્ટ્ર એકમ મહિલા મંચના પ્રમુખ શ્રીમતી હીરાબેન લોડાયા તથા બુલઢાના ચેસ અસોસિએશનના અધ્યક્ષ શ્રી બાબુજી થાનવીના હસ્તે ૮ માર્ચના મહિલા દિવસે કરવામાં આવેલ. આમાં નાંદુરા, ખામગામ, બુલઢાણા, અકોલા શેગાંવ, મેહકર, જલગાંવ જામોદની મહિલાઓ તથા બાળકોએ ભાગ લીધો. આયોજન સૌ. હર્ષા મનોજ નાગડાએ કરેલ. ઓરબીટર પ્રમુખ સૌ. કોમલ અભિષેક કુરૂવા હતા. વ્યવસ્થાપનમાં કુ. જયાબેન ગંગાજર નાગડા, કુ. નુતન રાજનકર તથા બંડ સર ઈત્યાદિ હતા. સૌ. કુંજન લોડાયા તથા શ્રીમતી નિરૂબેન મહેતા એ મુલાકાત આપી હતી. કુલ ૨૩૦ બહેનો તથા બાળકોએ ભાગ લીધેલ. પારિતોષિક વિતરણ સ્કુલનાં પ્રાચાર્યા સૌ. પ્રવિણાબેન શાહ, અધ્યક્ષ શ્રી ચેતનભાઈ લોડાયા અને કોષાધ્યક્ષ શ્રી મનોજભાઈ નાગડાના હસ્તે કરવામાં આવેલ. સંપુર્ણ આયોજન સૌ. હર્ષા મનોજ નાગડાએ  સરસ રીતે પાર પાડેલ.

## સખી વૃન્દ પુના

ફેબ્રુઆરી માસની મીટીંગ કલ્પના લાપસિયાને ઘરે ગોઠવાઈ, નવકાર મંત્રના પઠનથી શરૂઆત થઈ. કલ્પનાએ બાસ્કેટ વીવીંગ પેપરથી બનાવવાનું પ્રત્યક્ષીકરણ ક્રમાનુસાર દર્શાવ્યુ હાર્ડબોર્ડ, કાર્ડબોર્ડ, ન્યુજપેપર, આટપેપર, બ્રોશર પેપર, બાર્બેકચું સ્ટીક, એક્રેલિક કલર, ફેવિકોલ, ફેબ્રિક ગ્લુ તેમજ એક નવી સામગ્રી સ્ટાયલોફોમ શીટ વગેરેનો ઉપયોગ કરી વિવિધ આકાર, માપની વેસ્ટમાંથી બેસ્ટ સુંદર કલાત્મક બાસ્કેટ બનાવતા શીખવાડયું. જેના ઉપર સ્ટાયલોફોમ શીટમાંથી પટ્ટીઓ કાપી પતંગિયું બનાવી એના વડે સુશોભિકરણ કરી બતાવ્યું.

આ બાસ્કેટમાં વિવિધ ઉપયોગો થઈ શકે. લગ્ન પ્રસંગે વનાડો આપવા, સોપારી, ખારેક, સાકર વગેરે મુકવા, તેમજ ભેટ આપવા તથા તેમાં ફ્રુટસ, ચોકલેટસ મુકી શકાય.

ડાઈનીંગ ટેબલ પર સજાવટ માટે મુકી શકાય તેની પણ સમજણ આપી. તેમણે ઘરની સજાવટ વેલેન્ટાઈન ડે ને અનુલક્ષીને કરી હતી. એ મુજબ રજુ કરેલ બાસ્કેટનો હ્રદય આકાર, અને લાલ રંગ પ્રશંસનીય હતા.

અંતમાં શ્વેતા ડાઘાએ આ વર્ષના થીમ નારીશક્તિના બીજા મણકામાં સોળ સતીમાના પહેલા સતી પ્રાતઃ વંદનીય મહા સતી બ્રાહ્મીના ચરિત્ર વિષે જાણકારી આપી. એમના પુર્વ ભવ વિષે પણ ઉલ્લેખ ક્ર્યો ભગવાન ઋષભદેવના ચરિત્ર વિષે જાણકારી આપી.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ દ્વારા,શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા પરીવારના સહયોગથી, આગામી તા. ૦૬.૦૪.૨૦૧૪ રવિવારના શ્રી મહાકાળી માતાજીની ભાવના, શ્રી ભલારાદાદા તથા શ્રી ઘણીબાવાના પાઠનું આયોજન શ્રી મારુતી હોલ - રામબાગ મણીનગર, અમદાવાદ ખાતે બપોરે ૩ કલાક થી કરવામાં આવેલ છે. સર્વે સભ્યોને પધારવા આમંત્રણ છે.

આપણી જ્ઞાતિના દરેક જ્ઞાતિજનોને વિનંતી છે કે જો તેઓ અમદાવાદ કોઈ પણ પ્રકારની તબીબી સારવાર માટે આવેલ હોય તેમજ તેમને અમદાવાદ સ્થિત હોસ્પીટલ કે ડોક્ટર્સ વિષેની માહિતી જોઈતી હોય તો નીચે મુજબના સભ્યોની બનેલ મેડીકલ માર્ગદર્શક સમિતિનો સંપર્ક કરશો. ચંદ્રકાંત દામજી પોલડીયા 079-26605225, નલિનભાઈ કેશવજી મોમાયા 09376114300, ગુલાબચંદ ધનજી દંડ 09824097078, પદમશીભાઈ ચત્રભોજ ડાઘા 09825885822 ચંદ્રકાંત બાબુભાઈ લોડાયા 09824350068, તિલકચંદ ઉમરશી ભારાણી 9426080888, અમીત અભેચંદ લોડાયા 09377703290, જયેશ ઠાકરશી લોડાયા 09824014953 નવીન જેઠાભાઈ લાલકા 08460042421

## સામાજીક સુરક્ષા યોજના

કચ્છમાં અબડાસા, લખપત, નખત્રાણા, માંડવી, મુંન્દ્રા, ભુજ, ભચાઉ તેમજ રાપર તાલુકાના સર્વે જ્ઞાતિ પરિવારોને શ્રી ક.દ.ઓ. વેલફેર એસોસિએશનમાં સાધાર્મિક ભક્તિરૂપે સંસ્થાના નિયમોને આધિન રહી વય મર્યાદા ૫૩ સુધીના જ્ઞાતિના ભાઈ બહેનો જેઓ રૂા. ૨૨૦૦/-એટલે ડીપોઝીટ રૂા. ૨૦૦૦/- સભ્ય ફી રૂા. ૨૦૦/- ભરી સ્કીમમાં જોડાઈ શકે છે. જે રૂા. ૨૦૦૦/- પંચાવન વર્ષ પછી પાછા અપાય છે તેમાં જોડાવવા માગતા જરૂરિયાત વાળા પરિવારજનોને શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર) ગાંધીધામ તરફથી રૂા. ૨૦૦૦ની સાધર્મિક ભક્તિરૂપે સંસ્થાને ભરપાઈ કરી અપાશે. જ્યારે સભ્ય ફીના રૂા. ૨૦૦/- સભ્ય થનારે ભરવાના આવશે. પરિવાર દીઠ એક વ્યક્તિને છત્ર પુરૂપાડવા જ જવાબદારી ઉપાડેલછે. તેમજ સભ્યની નિવૃતિ પછી જે રૂા. ૨૦૦૦/- પરત મળશે તે પાછાં ન લેતાં તે રકમ અન્ય ભાવિ સભ્યોની ડીપોઝીટ ભરવા માટે વપરાશે.

આ સ્કિમમાં ૫૫ અવસાન થાય તો વ્યક્તિના પરિવારજનોને રૂા. ૭૫,૦૦૦/- જો અકસ્માતે મૃત્યુ થાય તો વધારાના રૂા. ૭૫,૦૦૦ એટલે પરિવારજાનોને રૂા. ૧,૫૦,૦૦૦/- તુરંત અપાય છે, શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ પરિવાર તરફથી કંડલા સંકુલ બૃહદ ગાંધીધામ વિસ્તારના ઘણા પરિવારના જનોને પરિવાર દીઠ એક વ્યક્તિને છત્ર પુરું પાડેલ છે. હવે આ યોજના સંપૂર્ણ કચ્છમાં રહેતા આપના જ્ઞાતિજનો સુધી સાધાર્મિક ભક્તિરુપે ઓફર કરેલ છે, જેનો વધુ ને વધુ જ્ઞાતિ પરિવારો લાભ લે આ રીતે ૧૯ ફેબ્રુઆરી સુધીમાં ૧૯ સભ્ય નવા સભ્યોની નોંધણી કરાયેલ છે.

આ માટે નીચે મુજબના જ્ઞાતિ અગ્રણીઓને તેમના તાલુકા અનુસાર ફોર્મ ભરી આધાર પુરાવાની ઝેરોક્ષ કોપી સાથે શક્ય તેટલા વહેલા મોકલવા ભલામણ કરાયેલ છે. આ અગાઉ પણ નલીયાના દસ તેમજ સમસ્ત ભારત વર્ષમાં આપણા ૨૫ જેટલા પરિવારોને શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ પરિવાર ગાંધીધામે એમની ડીપોઝીટ ભરી સાધર્મિક ભક્તિનો લાભ લીધેલ છે.

**કોઠારા:** શ્રી ગુલાબભાઈ મોતા - 09724382345, શ્રી ધનપતિભાઈ લોડાયા - 09909526909, **પરજાઉ :** 09909526909, **નલિયા :** શ્રી રાયચંદભાઈ ડાઘા - 07874147555, **તેરા :** શ્રી ગીરિશભાઈ : 09426265232, **ડુમરા** (સાંધાણ) : શ્રી રમેશભાઈ સોની - 09825571339, **માંડવી** (તલવાણા આસપાસનો વિસ્તાર) વિનયભાઈ મૈશેરી- 09879563037, **ભુજ** (માનકુવા) શ્રી પ્રબોધભાઈ મુનવર - 9925169876, **મુન્દ્રા** : શ્રી હેમંતભાઈ ગુટકા - 09925760966, **દેઢીયા** : શ્રી ચેતનભાઈ લીલાધર ખોના - 9979614744, **નખત્રાણા** (બાંઢીયા) - શ્રી રાજેન્દ્ર કુંવરજીભાઈ લાલકા - 09427433348, **ભચાઉ** (રાપર) : શ્રી જયેશ દામજીભાઈ - 09723167686

||શ્રી શાંતિનાથાય નમો નમઃ||

||શ્રી સચ્ચાઈ માતાય નમો નમઃ|| ||શ્રી સખત માતાય નમો નમઃ||

# શ્રી કચ્છ દશા ઓસવાલ સમસ્ત લોડાયા પરિવારના સચ્ચા માતાજીની પ્રથમ સમુહ પહેડી

સચ્ચા માતાજીની સમુહ પહેડી તા. ૧૯.૪.૧૪ શનિવાર ચૈત્ર સુદ - ૪ના સાંજના ૪.૦૦ કલાકેથી કાલિદાસ ઓપન ગ્રાઉન્ડ, મુલુંડ (વેસ્ટ) મધ્યે રાખવામાં આવેલ છે. તો સર્વે સહ કુટુંબ સહિત લોડાયા પરિવાર માતાજીની સમુહ પહેડીમાં પધારશોજી. સચ્ચા માતાજી તથા સખત માતાજી લોડાયા પરિવારના ભુવાશ્રી તેમજ ભુઈમાં દ્વારાપહેડી પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

## સચ્ચામાંના પહેડીના લાભાર્થી પરિવારો

| | |
|---|---|
| નૈવેદ્ય (પહેડી) જુહારવાનો લાભ | : માતુશ્રી ખેતબાઈ હંસરાજ વિશનજી લોડાયા પરિવાર (આરીખાણા - મુલુંડ) |
| માતાજીની આરતીનો લાભ | : માતુશ્રી વેલબાઈ લઘુભાઈ હીરજી લોડાયા પરિવાર (રાપર - ઘાટકોપર) |
| માતાજીને તેડી આવવાનો લાભ | : શ્રી લાલજી વેલજી લોડાયા પરિવાર (વરાપધર - ડોંબીવલી) |
| માતાજીને પોંખવાનો લાભ | : માતુશ્રી મુરબાઈ રાયચંદ લોડાયા હસ્તે તિલકભાઈ (કોઠારા - મુલુંડ) |
| દીપ - ધુપ- પુજાનો લાભ | : માતુશ્રી દમયંતિબેન રતનશી લોડાયા પરિવાર હસ્તે સુપુત્રો (સાંયરા - ડોંબીવલી) |
| માતાજીને ફુલહાર પહેરાવાનો લાભ | : માતુશ્રી હંસાબેન હિરાચંદ અરજણ પટેલ પરિવાર (બાંઢીયા - એરોલી) |
| માતાજીને ચુંદડી ઓઢાડવાનો લાભ | : માતુશ્રી ભમલબેન પદમશી પીર (સુથરી - ડોંબીવલી) |
| પુંજામાં બેસવાનો લાભ | : ૧. માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા પરિવાર (નલિયા - ડોંબીવલી) |
| | ૨. શ્રી ઠાકરસી લાલજી પટેલ પરિવાર (સાંધવ - મુલુંડ) |

## યવતમાલ નગરે શ્રી જૈન શ્વેતાંબર મુર્તિપુજક શ્રી સંઘ, કેસરિયા ભવન માં મોટી ''દિક્ષા મહોત્સવ''

શ્રી સુમતિનાથ જિનાલય, શેઠ શ્રી નરસીનાથા સભા મંડપમાં, અચલગચ્છાધિપતિ આ. શ્રી ગૌતમ - ગુણ - ગુણોદય સુરિ આજ્ઞા આશીષ વિનય સામ્રાજ્યે, પ્રાચીન સાહિત્ય સંશોધક પ.પુ. સર્વોદયસાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં ડીગ્રસમાં શ્રમણી દિક્ષા - મહોત્સવ ઉજવાયો.

કચ્છ ગામ, ડુમરા હાલે ડીગ્રસના શ્રેષ્ઠીવર્ય શ્રી લક્ષ્મીચંદભાઈ કારાણીની સાંસારિક સુપુત્રી - કિરણ, સાધ્વીવર્યા શ્રી જયેરેખાશ્રીજી ગુરૂકુળવાસમાં સાધ્વીજી શ્રી કલ્પપુર્ણાશ્રીજી મ.સા.ના. ત્રીજા શિષ્યા તરીકે સુસાધ્વીજી શ્રી ઋજુપુર્ણાશ્રીજી ના નામાંકનથી જાહેર થયા. યવતમાલ શ્રી સંઘની અતિ આગ્રહભરી વિનંતી સ્વિકારી પુજ્ય શ્રી યવતમાલ પધારતાં, ત્રિહાન્હીકા મોટી દિક્ષા - મહોત્સવની રંગત જામી. દિક્ષા પ્રસંગે ગામ - પરગામના લગભગ ૧૦૦૦થી ૧૫૦૦ શ્રાવક - શ્રાવિકાઓની ઉપસ્થિતિ હતી. ભક્તિગીત - સંગીતની રમઝટ સૌ. અંજુબેન નાગડા એ જમાવેલ.

તા. ૯.૩.૨૦૧૪ ગુરૂભગવંતોનો વાજતે - ગાજતે લગભગ ૪૦૦ સાધર્મિક ભાઈઓ સાથે મુર્તિપુજક સંઘ શ્રી સુમતિનાથ જિનાલયમાં આગમન થયેલ.



મોટી દિક્ષા પ્રિત્યાર્થ ત્રિહાન્હીકા મહોત્સવમાં ઉજવેલ કાર્યક્રમ પરમાત્માની વિલેપન પુજા - લાભાર્થી, શ્રી લહેરચંદ શામજી નાગડા, શ્રી સંઘ જીરાવલ્લા પાર્શ્વ મંત્ર અનુષ્ઠાન - લાભાર્થી શ્રીમતી દમયંતીબેન કેશવજી ધરમશી, શ્રી સંઘ નવકારસી - લાભાર્થી, શ્રી જીતેન્દ્ર તાતેડ પરિવાર, શ્રી સંઘ સ્વામીવાત્સલ્ય - લાભાર્થી શ્રી પ્રકાશમલજી બોથરા પરિવાર, શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાક પુજા - લાભાર્થી, અનિલ તિલકચંદ ખોના, નાગપુર કાર્યક્રમ ઉજવણી બાદ હાલ ૧૮ દિવસીય જાહેર પ્રવચનમાલા.

## શ્રી કચ્છ દશા ઓસવાલ સમસ્ત લોડાયા પરિવારના સચ્ચાઈ માતાજીની પ્રથમ સમુહ પહેડીના સહયોગી દાતાઓ


૧. શ્રી ચાંપશી માણેકજી લોડાયા પરિવાર (લોખંડવાલા) સાંધવ - ઘાટકોપર
૨. માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ હસ્તે હિતેશ - નિખિલ પટેલ (સાંધવ - મુલુંડ)
૩. શ્રી વીરચંદ નરશી લોડાયા (રાપર - મુલુંડ)
૪. શ્રી ટોકરશી રતનશી લોડાયા હસ્તે જવેરચંદભાઈ (વારાપધર - ડોંબીવલી)
૫. માતુશ્રી ખેતબાઈ સોમચંદ લોડાયા (સાંધવ - ડોંબીવલી)
૬. માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા પરિવાર (સાંધવ - મુલુંડ)
૭. મયુર ખીમજી પીર (સુથરી - ભાંડુપ)
૮. માતુશ્રી દમયંતીબેન વાલજી ઠાકરશી લોડાયા પરિવાર (સાંયરા - મુલુંડ)
૯. માતુશ્રી મણીભાઈ કલ્યાણજી લોડાયા પરિવાર (આરીખાણા - ડોંબીવલી)
૧૦. માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા (દલતુંગી - ડોંબીવલી)
૧૧. માતુશ્રી કસ્તુરીબેન રાયચંદ લોડાયા (કોઠારા - વાશી)
૧૨. માતુશ્રી રતનબેન ભવાનજી લોડાયા (મોટી સિંધોડી - ડોંબીવલી)
૧૩. શ્રી પ્રકાશ માણેકજી લોડાયા (સાંધવ - થાણા)
૧૪. માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા પરિવાર (મંજલ - ડોંબીવલી)
૧૫. માતુશ્રી મણીભાઈ નરશી લોડાયા હસ્તે લહેરચંદ (રાપરગઢ - ડોંબીવલી)
૧૬. માતુશ્રી હિરાવંતીબેન તિલકચંદ લોડાયા હસ્તે મેહુલ (બારોઈ - મુલુંડ)
૧૭. માતુશ્રી સોનબાઈ લાલજી લોડાયા (વરાડીયા - ડોંબીવલી)
૧૮. વીરેન્દ્રભાઈ રાઘવજી લોડાયા (બાંઢીયા - અમદાવાદ)
૧૯. માતુશ્રી ભચીબાઈ હરશી લોડાયા હસ્તે વિજયાબેન (રાપર - ભાંડુપ)
૨૦. માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા (આરીખાણા - મુલુંડ) (માં ઓમ ટ્રાન્સપોર્ટ)
૨૧. માતુશ્રી ધનબાઈ દેવરાજ લોડાયા હસ્તે રસિકભાઈ (સાંધવ - મુલુંડ)
૨૨. શ્રી **Five Star Caters**(ભાંડુપ)
૨૩. શ્રી હેમરાજ પુંજાભાઈ લોડાયા હ. દિનેશ (સુથરી - મલકાપુર)
૨૪. માતુશ્રી મુરબાઈ રાયચંદ લોડાયા (સાંયરા - રાયપુર)
૨૫. શ્રી દાદા ભલારા ટ્રાન્સફોર્ટ હસ્તે અ. સૌ. સરલાબેન ભવાનજી લોડાયા (રાપર - મુલુંડ)
૨૬. શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા (મોટીખાવડી - થાણા)
૨૭. શ્રી મોતીલાલ દેવજી લોડાયા પરિવાર (મોટી ખાવડી - ઘાટકોપર)
૨૮. અ. સૌ. જયાબેન શાંતિલાલ લોડાયા (સાંયરા - મુલુંડ)
૨૯. શ્રી ગીરીશ ખીમજી કરમશી શાહ (મોટી ખાવડી - મુલુંડ)
૩૦. શ્રી શાંતિલાલ શામજી શાહ (મોટી ખાવડી - મસ્જીદબંદર)
૩૧. માતુશ્રી ગંગાબાઈ ભવાનજી લોડાયા (સાંયરા - ડોંબીવલી)

હજીપણ પહેડી પ્રસંગે સહયોગી દાતાશ્રીમાં નામ લખાવી લાભ લઈશ કો છો.
લી. શ્રી સમસ્ત લોડાયા પરિવાર ની સમિતિ

## શબ્દાનંદ

### આડી ચાવી

૧. બીજાનું ભલું કરવું તે (૫)
૪. ઝડપ, ચાલ (૨)
૬. ચામડાની સાંકળી પટી (૩)
૭. કોહવાટ, બગાડો (૨)
૮. ઊલટું, પ્રતિકૂળ (૨)
૧૦. માનવકુળના ઉત્પાદક (૨)
૧૧. હિસાબમાં એક હલકું ચલણ (૩)
૧૨. રીત - રિવાજ (૩)
૧૩. ખાંધ પર બોજો ઉપાડવાની તુલા (૩)
૧૫. સુરજ (૨)
૧૬. દેહ, તન (૩)
૧૭. તેરા..... હૈ કિતના પ્યારા (૨)
૧૮. આબાદ, સમૃદ્ધ (૪)
૨૦. દરેક મકાન - ઘરને હોય (૩)
૨૪. ચિત્ર (૪)
૨૬. જીભથી માલુમ પડતો સ્વાદ (૨)
૨૮. અડચણ, મુશ્કેલી (૪)
૨૯. લડાઈનું મેદાન (૨)




૩૦. અતિશય, ખૂબ હોવું તે (૪)
૩૨. મુસલમાનોમાં પવિત્ર ગણાતો પુરુષ (૨)
૩૩. ફાંફાં, ઘાલમેલ (૫)

### ઊભી ચાવી

૧. કુટુંબકબીલો (૪)
૨. પાંદડું (૨)
૩. અવાજના અનુકરણથી થતો શબ્દ (૫)
૪. ઘોંઘાટ (૪)
૫. .... ખોદે તે પડે (૨)
૭. .... કો નાહીં દોષ ગુંસાઈ (૪)
૯. સાથે મળી કરાતી ચર્ચા - વિચારણા (૪)
૧૪. સિપાઈ - સૈનિકનો ગણવેશ (૪)
૧૬. કાયદો, નિયમ (૨)
૧૭. સરળ, ભલું (૩)
૧૮. માહિતગાર (૩)
૧૯. એક જાતની ઘોડાગાડી (૨)
૨૧. લાંબી લાંબી વાત (૩)
૨૨. મરી જાય તેટલું (૫)
૨૩. અમુક ઘાટનો ઘડો (૩)
૨૫. શુર - પરાક્રમી પુરુષ (૨)
૨૭. પુરેપુરું ભરેલું (૩)
૨૮. અંધારિયાનો છેલ્લો દિવસ (૩)
૩૧. રહેવાનું સ્થળ (૨)

*- વનિતા હરીશ નાગડા (વડાલા)*




### સંખ્યાવન

અહીં ચોકઠામાં તમારે નીચે આપેલી સંખ્યાઓ યોગ્ય ખાનામાં મૂકવાની છે. શરૂઆત કરવાની સરળતા પડે એટલે એક સંખ્યા ૩૮ પહેલેથી આપી છે.

**બે આંકડાની સંખ્યા :** ૨૪, ૩૬, ૩૮, ૮૫, ૯૨

**ત્રણ આંકડાની સંખ્યા:** ૧૫૬, ૨૮૧, ૫૪૯, ૫૬૩, ૭૬૮, ૮૧૪, ૮૬૨, ૯૩૭

**ચાર આકડાની સંખ્યા :** ૧૮૫૭, ૨૪૭૩, ૨૬૧૪, ૩૪૧૫, ૫૧૧૪, ૫૨૪૩, ૬૧૩૫, ૭૫૪૨, ૮૪૩૨, ૮૩૧૫, ૯૬૪૨,

**પાંચ આંકડાની સંખ્યા :** ૨૫૧૪૭, ૪૬૩૭૨, ૫૨૧૪૩, ૫૩૨૯૭, ૬૧૨૮૪, ૮૪૧૭૩, ૮૯૬૨૭, ૯૪૨૮૩

**છ આંકડાની સંખ્યા :** ૧૫૬૩૨૫, ૧૫૯૩૨૫, ૧૭૮૫૧૯, ૨૭૫૩૨૬, ૪૩૮૯૭૫, ૫૪૨૩૧૬, ૭૧૪૩૮૯, ૮૨૧૭૫૩

**NUMBER GAME IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS :**


**2 Digit Nos :** 24, 36, 38, 85, 92

**3 Digit Nos :** 156, 281, 549, 563, 768, 814, 862, 937

**4 Digit Nos :** 1857, 2473, 2614, 3415, 5114, 5243, 6135, 7542, 8432, 8315, 9642,

**5 Digit Nos :** 25147, 46372, 52143, 53297, 61284, 84173, 89627, 94283

**6 Digit Nos :** 156325, 159325, 178519, 275326, 438975, 542316, 714389, 821753



## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **હિરાચંદ ચાપશી લોડાયા** | ૫૦૧, સુન્દ્રાં વિલા, હનુમાન મંદિર સામે, કોપરગાંવ ડોંબીવલી (વેસ્ટ) ૪૨૧૨૦૩) |
| **ઘનશ્યામ સી. લાલકા-અલ્પા** | ૩૦૮ બી, શંખેશ્વર, સુધા પાર્ક, ઘાટકોપર ઈસ્ટ મુંબઈ - ૪૦૦૦૭૭ |
| **દિપક પી. લોડાયા** | પદમશ્રી, ૭ રાજા નગર, ૨ સ્ટ્રીટ, સ્વરીપલ્લયમ પોસ્ટ, કોઈમ્બુતુર - ૬૪૧૦૨૮ |
| **મણિલાલ ભવાનજી મોતા** | ફ્લેટ નં. ૨૦૪, ૪-૩-૬૫/૧/૭, રઘુનાથ અપાર્ટમેન્ટ, રઘુનાથ બાગ, કંદા સ્વામી લેન, સુલતાન બાજાર, હૈદ્રાબાદ, આન્ધ્રપ્રદેશ ૫૦૦૦૯૫ |
| **રાહુલ રતીલાલ નાગડા** | ૭, સંજય અપાર્ટમેન્ટ, વાલજી લધા રોડ, મુલુંડ વેસ્ટ મુંબઈ - ૪૦૦ ૦૮૦ |

### નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **મણીલાલ ભવાનજી મોતા** | **040-24753929** | **રાહુલ રતીલાલ નાગડા** | **09029460464** |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૦૨.૧૪ | પુણે | ઋષી-કવિતા/વિનિત દિલીપ મોતા | - | પુત્ર |
| ૯.૦૩.૧૪ | તેરા-ધ્રુફી | કહાન-ચાર્મી/અક્ષય રાવલ અંકલેશ્વર (જીતેન્દ્ર દેવજી પુનશી મોતાનો દોહીત્રો) | - તેરા | પુત્ર |
| ૯.૦૨.૧૪ | ઘાટકોપર | વિહાન-પુજા/જિગર સોમચંદ લોડાયા | મોટી-ખાવડી | પુત્ર |
| ૧૫.૦૨.૧૪ | ડોંબીવલી | મિશા-અલ્પા/પ્રતિક ઝવેરચંદ લોડાયા | વારાપધર | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૦૩.૧૪ | ગાંધીધામ | હર્ષ મુકેશ ઠાકરશી ધરમશી (ભાટે) | સુથરી | ૨૬ |
| | આણંદ | નીરલ મુલચંદ દેવશી દંડ | તેરા | ૨૨ |
| ૦૬.૦૩.૧૪ | મુલુંડ | વત્સલ કિશોર પુનશી ખોના | દલતુંગી | ૨૭ |
| | બ્રાહ્મણવાડા-ઉંઝા | ધારા યશોધન મણીલાલ મૈશેરી | સાંધવ | ૨૬ |

### સગપણ છુટું થયું

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦.૦૨.૧૪ | હુબલી | નયન સુરેશ દામજી મોમાયા | વારાપધર | ૨૭ |
| | ઘાટકોપર | હેતલ મહેન્દ્ર રતીલાલ નાગડા | બાયઠ | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૦૨.૧૪ | મુલુંડ | આનંદ વિનોદ ખીમજી મૈશેરી | માંડવી | ૩૬ |
| | પલાસનેર | પ્રિયા ભવાનજી પોલડીયા | ડુમરા | ૩૬ |
| - | વડોદરા | અંકિત લહેરચંદ કુંવરજી મૈશેરી | નાની સિધોડી | ૨૪ |
| | વડાલા | તેજીની હિરાચંદ ખેતશી મોતા | લાખનીયા | ૨૩ |

### આંતર જ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૦૩.૧૪ | વિલેપાર્લે | અમિત વસંતલાલ ચુનીલાલ ફોરીયા | મેરાઉ | ૩૪ |
| | માટુંગા | નિમિતા હરીશ લીલાધર મોમાયા | સાંયરા | ૩૩ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૦૩.૧૪ | આદિપુર | ઝવેરબેન માણેકજી ખીમજી ગોસર | બારોઈ | ૮૦ |
| ૧૪.૦૩.૧૪ | મુલુંડ | કેતન મણશી મેઘજી શીયાળ | જખૌ | ૫૩ |
| ૧૩.૦૩.૧૪ | ગદગ | ભરત લાલજી માણેકજી લોડાયા | કોઠારા | ૫૭ |
| ૧૬.૦૩.૧૪ | ગુડગાવ | હિરાલાલ પદમશી મેઘજી લોડાયા | સાંધવ | ૭૪ |
| ૨૧.૦૩.૧૪ | ડોંબીવલી | રમેશ હેમરાજ લોડાયા | મોટી ખાવડી | ૬૧ |
| ૨૦.૦૩.૧૪ | ઘાટકોપર | ધવલ મયુર મોતિલાલ લોડાયા | મોટી ખાવડી | ૧૮ |
| ૧૯.૦૩.૧૪ | મુલુંડ | ભાવિક અરવિંદ રુપશી દંડ | ભરૂડીયા | ૩૫ |
| ૧૮.૦૩.૧૪ | ભુજ | લક્ષ્મીચંદ કુંવરજી હિરજી લાલકા | બાંઢીયા-નેત્રા | ૭૦ |

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 | day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## મોડપરના ૪૦૦ વર્ષ પ્રાચિન સુપાર્શ્વનાથ જિનાલયના અંજન પ્રતિષ્ઠાના ચડાવાઓની તસ્વીરી ઝલક




To,

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**